
# સાંઈ સંગીત

## (સાંઈબાબા પરના ભાવવાહી ભજનોનો સંગ્રહ)



## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * * * *




e-book

Title : Sai Sangeet

Language : Gujarati

Version : 2.0

Pages : 125

Created : March 12th 2011.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## પ્રસ્તાવના



'સાઈસંગીત' નું આ નાનુ સરખું પુસ્તક સૌની સેવામાં રજૂ કરતાં મને એક પ્રકારના અનેરા આનંદનો અનુભવ થાય છે, શ્રી સાંઈબાબાના કોઈ મહાન ને મહામુલ્યવાન સેવાના યજ્ઞમાં મારી નાનીસરખી છતાં પણ અત્યંત અનુરાગ ભરેલી આહુતિ આપી રહ્યો હોઉં એવા ભાવ, એવી સમજ ને એવા સંતોષ સાથે આ કામ કરી રહ્યો છું.

શ્રી સાંઈબાબાના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. શિરડી નામના નાનકડા ગામમાં પ્રકટ થઈને નિવાસ કરી તથા તે ગામને ને તે ગામ દ્વારા સમસ્ત સંસારને પોતાનું કર્તવ્યક્ષેત્ર બનાવીને તેમણે જે નક્કર લોકહિતનું કામ કર્યું છે તે હવે તો સર્વવિદિત બની ગયું છે. છેલ્લાં કેટલાંક વરસોથી તો તેમની પ્રસિદ્ધિ સારા પ્રમાણમાં થઈ ચૂકી છે, ને લાખો લોકો એક અથવા બીજી રીતે તેમની વિશાળ ને શીતળ છત્રછાયામાં શાંતિ, સુખાકારી ને સંતોષનો અનુભવ કરી રહ્યા છે.

ઈ.સ. ૧૯૫૨ ની આસપાસ મેં પણ હિમાલયની પુરાણપ્રસિદ્ધ ભૂમિમાં તેમનો મહિમા સાંભળ્યો. તેથી મારા દિલમાં તેમને માટે સહજ રીતે જ પ્રેમ થયો. પરંતુ વાત એટલેથી જ અટકી ના પડી. તે પછી તો મને તેમની અસીમ, અસાધારણ ને અલૌકિક શક્તિના પ્રત્યક્ષ અનુભવો મળવા માંડ્યા. તેને લીધે મારો તેમને માટેનો અનુરાગ ને આદરભાવ એકદમ વધી પડ્યો. એ બધા અનુભવોનો ઉલ્લેખ અહીં અસ્થાને છે. એમની રજુઆત હું નથી કરી શકું તેમ. એ મારા આધ્યાત્મિક જીવનનું એક બીજું જ પાસુ છે. પરંતુ એટલું તો જરૂર કહી શકું કે એ બધા અંગત અનુભવો મને એમની એકદમ પાસે પહોંચાડી ગયા, ને મારી તથા તેમની વચ્ચે અભિન્ન સંબંધ સ્થાપી રહ્યા. આવા અલૌકિક યોગૈશ્વર્યથી સંપન્ન, સાચા, સંપૂર્ણ ને બીજાને મદદરૂપ થવા સદાય તૈયાર રહેનારા એ મહાપુરૂષના સંબંધથી મને ઘણું ઘણું જાણવાનું મળ્યું, ને ખરેખર અવર્ણનીય એવો આનંદ થયો.

એવા સર્વસમર્થ, અલૌકિક, મહાપુરૂષની હું પ્રશસ્તિ કરૂં, એમને અંજલિ આપું, ને એમની આગળ મારા અંતરના અનુરાગ, આનંદ ને ઉમળકાને રજુ કરૂં, એમાં આશ્ચર્ય જેવું છે જ શું ? મારી પાસે હૃદય છે, રસ છે,

ને કલમ છે. તે ત્રણેનો સુમેળ સાધીને તેમની જ કૃપાથી આ ગીતો મે રચ્યાં ને એમના શ્રીચરણે અર્પણ કર્યાં છે. આ ગીતો એ રીતે મારા હૃદયને રજૂ કરનારાં ગીતો છે. તે કેવળ લખવાને ખાતર લખાયાં નથી; કેવળ કોરો કલ્પનાવિલાસ નથી, અથવા તો કોઈ ભાટની માફક આંખ મીંચીને કરાયેલી ખોટી ખુશામત પણ નથી, ગીતોના રૂપમાં મારા હૃદયની અમાપ ભક્તિને ને શ્રદ્ધાને જ મેં બનતા પ્રમાણમાં ગૂંથી લીધી છે, ગીતોની મંગલ માળાના રૂપમાં તે રીતે મેં મારા હૃદયને જ રજુ કર્યું છે.

આ પુસ્તકનાં ગીતોના રાગ જુદા જુદા છે. શ્રી સાંઈબાબા પ્રત્યે જેમને ભાવભક્તિ ને શ્રદ્ધા છે, તે તથા બીજા જિજ્ઞાસુ ને પ્રેમીજનો પણ એમનો લાભ લેશે, ને પોતાના જીવનને ઉજ્જવળ ને રસમય બનાવશે, એવી આશા છે.

વધારે ભાગના ગીતોને અંતે 'પાગલ' અથવા 'પાગલ કહે' એવું આવે છે, તેનું કારણ એજ કે તે ગીતો લખાયાં ત્યારે હું કવિ તરીકે 'પાગલ' એવું સાંકેતિક નામ વાપરતો.

સંતશ્રી સાંઈબાબાનો મહિમા ભારતમાં-ને ખાસ કરી ગુજરાતમાં ઉત્તરોત્તર વધી રહ્યો છે ત્યારે આ પુસ્તકની ઉપલબ્ધિ ઘણાંને મન આનંદદાયક બનશે. એથી મને પણ આનંદ થાય છે. સંત શ્રી સાંઈબાબા પ્રત્યેની લોકોની ભાવભક્તિ ને શ્રદ્ધા પોષવામાં આ ગીતોનો સંગ્રહ જરૂર સહાયરૂપ થશે; એવી મને આશા છે.

**- શ્રી યોગેશ્વરજી**
'સાંઈકૃપા' ગોપાલકુંજને નાકે
જવાહર ચોક, મણીનગર.
અમદાવાદ - ૮

## અનુક્રમણિકા




૧. સાંઈનાથ સ્તુતિ
૨. સાંઈનાથ, વંદન કરું
૩. મારે તારો આધાર
૪. સાંઈનાથ સિદ્ધિ ગીત
૫. સાંઈનાથ ક્ષમાપ્રાર્થના
૬. કોણ છે કોણ છે
૭. એક સંત છે એવા
૮. સુણી લો અરજી મારી આજ
૯. વારંવાર નમું
૧૦. વિચરે વિશ્વે
૧૧. મમતા ખૂબ કરે મહારાજ
૧૨. મારી અરજ
૧૩. જે મદદ માગતા મારી
૧૪. તમે સૌના તારણહાર
૧૫. વંદન સંતન વારંવાર
૧૬. મુજને મદદ કરો ના કેમ?
૧૭. પ્રેમ છે પ્રેમ છે
૧૮. કરુણાળુ કહે છે તમને રે
૧૯. સાચેરા સંત
૨૦. ભક્તોની રક્ષા કરવાનું
૨૧. યોગીરાજ નમું
૨૨. સાચેરા સંત મળી જાય
૨૩. નમન કરું નમન કરું
૨૪. સાંઈ પ્રભુજી તરત પધારો
૨૫. તમે મારાં કામ બધાંય કર્યાં
૨૬. સાંઈનાથ, આજે તો આવો જરૂર
૨૭. હે સંત મારા
૨૮. જેનું હૈયું
૨૯. લેતાં સાંઈ કેરુ નામ
૩૦. વરસાવો કૃપાવૃષ્ટિ
૩૧. પૂજું તમને આજ પ્રભાતે
૩૨. આશિષ આપો સંત
૩૩. તમે સાચે પ્રકટ પ્રભુ
૩૪. સંતપુરૂષની પૂર્ણ કૃપા હો
૩૫. દીનનદેવ સકળ દુઃખહારી
૩૬. સંતપુરૂષ હે અખિલ જગતના
૩૭. મહાસંત મેં માન્યા
૩૮. ઉદીનો મહિમા છે મોટો
૩૯. મહાપુરૂષની વાણી
૪૦. શિરડીવાસી સદ્ય પધારો
૪૧. કૃપાળુ સાંઈનાથ ખરે
૪૨. હરતાં ફરતાં ભાવે ભજજો
૪૩. તમારું શરણ જેણે
૪૪. કોઈ સંત નથી
૪૫. સ્તવે તમને પ્રેમથી
૪૬. વિશ્વમાં વ્યાપક
૪૭. તમારે ભરોસે છોડી જો
૪૮. કૃપાનો વરસાદ
૪૯. મારાં બધાં કાર્યોમાં
૫૦. કૃપાનો થાઓ જયજયકાર
૫૧. ડુંગર દુઃખના છોને પડે
૫૨. સાંઈનાથ મારો હાથ
૫૩. દયાળુ છો તમે
૫૪. તમે મારું કરશો પાર જહાજ
૫૫. સાંઈ સર્વસમર્થ તમે
૫૬. યાદ તમારા વિના કરું શું ?
૫૭. રક્ષા કરશો રોજ તમે
૫૮. શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું

૫૯. તમારું શરણું જે લે છે
૬૦. તમારે મુશ્કેલ કશું ના
૬૧. આશા મારી પૂર્ણ કરી દો આજ
૬૨. પાર ઉતારો હે પ્રભુ મારા !
૬૩. પ્રભુતા તમારી પાળો
૬૪. દિવ્ય કૃપાને ઢાળો
૬૫. ભક્તો પર સંકટ વરસે ત્યાં
૬૬. પત્થર ઉપર બેસી
૬૭. પત્થર ઉપર પાણી
૬૮. સર્વસમર્થ તમે છો
૬૯. લઉં આધાર બીજાનો
૭૦. મનુષ્યોયે વચન પાળે
૭૧. તમે હજી કેમ કૃપા ન કરી
૭૨. તમે સર્વસમર્થ
૭૩. તમે હજુ શાંત બેઠા કેમ ?
૭૪. ધાર્યું બિરદ મહાન તમે
૭૫. સંસારના જનકપાલક છો તમે તો
૭૬. કેમ કૃપાળુ તમે કહેવાયા
૭૭. સાંઈનાથ તમારું નામ
૭૮. અજબ તમારાં કામ
૭૯. તમારા દિવ્ય દર્શનની
૮૦. શિરડી ગામે પ્રગટ થયેલા
૮૧. શિરડીના સંતની તું
૮૨. દર્શન કરી તમારું
૮૩. સાંભળી મારો પોકાર
૮૪. લગની તમારી મને લાગી
૮૫. ગમે તેટલા કર્યા હો
૮૬. આ ત્રિભુવનમાં
૮૭. બતાવો બળ
૮૮. દર્શન આપી દો
૮૯. સાંઈ અરજ કરી
૯૦. તમારા ભક્તોને
૯૧. હે દેવ પરમહિતકારી
૯૨. તમારા વિણ આ જગતમાં
૯૩. કૃપા કદી ના ખૂટે
૯૪. તમારો મહિમા
૯૫. ઓ દેવ મારા
૯૬. સંત ન કેવળ માનું
૯૭. બાનાની પત રાખો
૯૮. શિરડીનું તીર્થ
૯૯. સદા કૃપા કરો
૧૦૦. નમસ્કાર મારા
૧૦૧. એવા ગુરૂને પદે
૧૦૨. કોને પોકારું ?
૧૦૩. હૃદયમાં પ્રેમ જાગે તો
૧૦૪. શ્રી સાંઈ માનસપૂજા
૧૦૫. આરતી



* * * * *

## ૧. સાંઈનાથ સ્તુતિ

બાંધ્યો શિરે સરસ શ્વેત રૂમાલ જેણે,
પ્હેરી પવિત્ર કફની કટિવસ્ત્ર તેણે;
બેઠા શિલા પર સજી મુખ જે પ્રશાંત,
સાંઈ કરો હૃદયને મુજ છેક શાંત !

યોગી ત્રિલોક પતિ જેમ પ્રભાવવાળા,
સિદ્ધિતણા પતિ છતાંય વિરક્ત ન્યારા;
હૈયે અપાર કરુણા વરસે તમારા,
તેની પવિત્ર વહ્‌વો મુજ કાજ ધારા !

સૌના હિતેચ્છુ કરતા હિત સર્વનુંયે,
ધારેલ જીવન તમે હિતકાજ આ છે;
તે ભાવની સ્મૃતિ થકી સુખ આપનારા,
યોગી પ્રણામ તમને સુખ આપનારા !

વિખ્યાત છે બલ અનંત ખરે તમારું,
વ્યાપ્યો બધે જ મહિમા પણ તેમ ચારુ ;
તેથી રહે અભય ભક્ત સદા તમારા,
યોગી પ્રણામ તમને ભય કાપનારા !

ગોદાવરી તટપરે શિરડીમહીં છે,
આવાસ મંદિર ખરે શિરડીમહીં છે;
કિન્તુ ચરાચરમહીં સઘળે વિરાજો,
ને ભક્તના હૃદય આંગણમાં જ રાજો.

એવા સમર્થ તમને પ્રભુરૂપ માની,
ગાઈ રહ્યો મધુર આ મુજ પ્રેમવાણી;
સ્વીકારજો સ્મિત કરી રસ હોય કાંઈ,
છે પ્રેમ આ સ્વરમહીં પ્રકટેલ સાંઈ !

આજે પવિત્ર ગુરૂવાર ખરે તમારો,
પૂજા અને સ્તવન કાજ ગણેલ પ્યારો;

માની તમે પ્રકટ દીપકની મહત્તા,
આજે ગણી પ્રકટ દીપકની મહત્તા,

તો પ્રેમનો પ્રકટ દીપક આ જગાવી,
અર્પું પ્રસન્ન મનથી સુરતા લગાવી;
તેથી પ્રસન્ન બનતાં કરુણા કરીને,
ઊભા રહો, પ્રકટ હો વરને લઈને.

અંધારથી મન વળે હરખી પ્રકાશે,
ને દૂર થાય જડતા ઉર ન્હાય આશે;
ફેલાય ચેતન બધે વરસે સુધા ને,
તે વાર તે જ ગુરૂવાર ખરેખરો છે.

*

મારા મંદિરનાં ચઢે પગથિયાં તેનાં ટળે તાપ સૌ,
તેનાં જીવનની લગામ પકડું, કાપું વળી કષ્ટ સૌ;
જાહેરાત ભૂલી ગયા નવ તમે, તો દિવ્ય દ્રષ્ટિ ધરો,
સાંઈનાથ, નમું પ્રસન્ન મનથી, ઈચ્છા બધીયે પુરો.

આવ્યો મંદિરમાં પ્રસન્ન મનથી, આશાભર્યો આજ હું,
તોયે દૈન્ય રહ્યું મુજમહીં આશ્ચર્ય એમાં ન શું ?
વાણી વ્યર્થ ન થાય તો પ્રકટ થૈ, આનંદ વર્ષા કરો,
સાંઈનાથ, નમું પ્રસન્ન મનથી, ઈચ્છા બધીયે પૂરો.

જે નિશ્ચિંત બને બધો શિરતણો બોજો ઉતારી દઈ,
જે મારું શરણું ગ્રહે હૃદયમાં વિશ્વાસ સાચો લઈ;
તેનો ભાર હરું કહ્યાં વચન છે તો પ્રેમવર્ષા કરો,
સાંઈનાથ, નમું પ્રસન્ન મનથી, ઈચ્છા બધીયે પૂરો.

ભક્તોમાં વખણાય ખૂબ મહિમા વાતો તમારી થતી,
આજે યે કરુણાતણી અવનવી વાતો રચાયે જતી,
તે છે સર્વ યથાર્થ તો સુખ ધરો, ચિંતા બધીયે હરો,
સાંઈનાથ, નમું પ્રસન્ન મનથી, ઈચ્છા બધીયે પૂરો.

*

ભંડાર પૂર્ણ ભરિયા પ્રભુજી તમારા,
લૂંટાય તેમ ન કદી પણ ખૂટનારા;
ખાલી થયા સકળ તે મુજકાજ શું છે?
હો તેમ તો પણ કહો મુજને ખરે એ.

હે વિશ્વનાથ, પ્રકટો કરુણા કરીને,
ભેટો મને પરમ પ્રેમથકી ભરીને;
ભંડાર હે સુખતણાં, સહુનાય સ્વામી,
આ પ્રાણ જાય સુખ ચેતન તેમ પામી !

હે ભક્ત-રક્ષક કરો સ્મિત સાથ રક્ષા,
બાંધો મને અમર સત્વર પ્રેમરક્ષા;
દાની, કરો વરતણું બસ દાન આજે,
એ એક કામ તમને રસરાજ છાજે.

આવી પડ્યું શરણમાં કદી જે તમારા,
તેના મનોરથ કર્યા પરિપૂર્ણ સારા;
પાછું વળ્યું નવ કદી પણ દીન કોઈ,
તેથી ઉભો અડગ હું પણ રાહ જોઈ.

*

કરુણા કરતાં આજે પધારો નાથ પ્રેમથી,
અંતરયામી તમે તેથી વધારે કૈં કહ્યું નથી.

સાંઈ, માતા સ્વરૂપે હું નિહાળું તમને સદા,
ભક્તોની માવડી, રાખો ભક્તવત્સલતા સદા.

કૃપાની કરતાં વર્ષા, કરો શીતલ પ્રાણને,
દઈ દો આજ તો પ્રેમે દ્રષ્ટિના દિવ્ય દાનને.

આશીર્વાદ લઈ આવો, સાંઈનાથ પ્રભો તમે,
કહે પાગલ એ આશા મારા અંતરમાં રમે.

* * * * *

## ૨. સાંઈનાથ, વંદન કરું

સાંઈનાથ, વંદન કરું આજ હું !
અંતરની આરતિ ઉતારું છું;
સાંઈનાથ, વંદન કરું આજ હું !

આજ ગુરુવાર મનગમતો તમોને,
પૂજા કરી ધરી દીપ મેં તમોને,
લળી લળીને નિહાળું છું,
સાંઈનાથ, વંદન કરું આજ હું !

પ્રેમભરી પ્રાણમહીં આજે પધાર્યો,
આતુરતા આંખમહીં આંજીને આવ્યો;
તમે બેસી રહ્યા છો શું ?
સાંઈનાથ, વંદન કરું આજ હું !

આસન છોડીને હવે સામે પ્રગટી લો,
સ્મિતને રેલીને મને ભાવે ભરી દો;
પોકારું પ્રેમથી હું,
સાંઈનાથ, વંદન કરું આજ હું !

બોલી મધુર બોલ આનંદ આપો,
દર્શન આપીને મારાં દુઃખદર્દ કાપો;
તમને જોવાને ઝંખું છું,
સાંઈનાથ, વંદન કરું આજ હું !

આગળથી વંદું ને પાછળથી વંદુ,
કોટિ કોટિ વાર ખરે, તમને હું વંદુ;
'પાગલ' છું પ્રેમમાં હું,
સાંઈનાથ, વંદન કરું આજ હું !

* * * * *

## ૩. મારે તારો આધાર

મારે તારો આધાર, જીવનના જંગમાં.
તારો એક જ આધાર, જીવનના જંગમાં.

બીજા આધાર કશા કામ ના આવે,
દુઃખ તેમ દર્દનો અંત ના લાવે;
આપે કંઈ ના આરામ, જીવનના જંગમાં ... મારે તારો.

તારા વિના કહેને કોનો આધાર છે ?
પ્રેમદયાસિંધુ કોણ ગુણનો આગાર છે ?
કોણ શક્ત કરવા ઉદ્ધાર, જીવનના જંગમાં ...મારે તારો.

ભુલ્યાનો ભોમિયો ને અંધતણી આંખડી,
છાયા સંતપ્તતણી, પંખીની પાંખડી,
તું તો તારણહાર, જીવનના જંગમાં ... મારે તારો.

સંત કે મહંત વળી દેવોની પાસે,
છોડી તને જે આશાથી જાશે,
તેનું સરશે ના કામ, જીવનના જંગમાં ... મારે તારો.

સૌને છોડીને તારી પાસે પધાર્યો,
આશા રાખીને તારી પાસે હું આવ્યો;
બીજે લાગે ના સાર, જીવનના જંગમાં ... મારે તારો.

પંડિત ને તપસી જે તુજને ભૂલેલા,
મમતા ને મદના જે દરિયે ડૂબેલા,
તે તો પામે ના પાર, જીવનના જંગમાં ... મારે તારો.

'પાગલ' થૈ પ્રેમની વર્ષા વરસાવ તું,
તારો કરી દે મને, કદિ ના તલસાવ તું,
કંપી જાયે છો કાળ, જીવનના જંગમાં ... મારે તારો.

* * * * *

## ૪. સાંઈનાથ સિદ્ધિગીત

દીપક માટે તેલ લાવતા, તમે ગામથી માગીને,
દીપક આખી રાત બાળતા, સાધન કરતા જાગીને.

દુકાનદારોએ ના આપ્યું, તેલ એક દિવસે તમને.
પાણી દ્વારા દીપક બાળ્યા, તે દિનથી સઘળાય તમે,

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે

અંતરના દીપક પેટાવો, પ્રેમ પ્રકાશ ભરી એમાં;
જીવનની જડતા જાયે ને, અજવાળું થાયે તેમાં.

*

કરો રસોઈ ત્યારે સાધન વિના ઉકળતી દાળમહીં,
બાંય ચઢાવી હાથ ફેરવો, કદી શાક ને દાળમહીં;

અગ્નિને અડતા'તા તો પણ, ઉની આવતી આંચ નહીં,
અગ્નિના પર વિજય તમારો, ઉની આવતી આંચ નહીં,

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે

કામ ક્રોધ ને વિકાર ચિંતા, સંકટ અગ્નિ જલી રહ્યા,
જલાવી શકે તે ના અમને, જીવો જેમાં જલી રહ્યા.

*

'કૂવામાં પાણી ખૂટ્યું છે' ભક્તજનોએ એમ કહ્યું.
તમે તરત બોલ્યા કે 'લો, આ પ્રસાદ મારો આજ દઉં;

પ્રસાદનું પતરાળું મારું, કૂવામાં નાખી દેજો,
'ભગવાન ભલું કરે તમારું' શ્રદ્ધાથી નાખી દેજો.

કૂવામાં પતરાળું નાખ્યું ભક્તોએ, પાણી પ્રકટ્યું,
હજીય પીવાયે પાણી અમૃતશું પાણી પ્રકટ્યું.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે

કૃપા કરીને પ્રસાદ આપો, ભક્તિનાં ઝરણાં ફૂટે;
પ્રેમ હૃદયમાં જાગી જાયે, અશાંતિ ને બંધન તૂટે.

*

ગંગામાં ન્હાવાની ઈચ્છા એક ભક્તજનને જાગી,
યાત્રા માટે દૂર જવાની, તમારી અનુજ્ઞા માગી.

'અહીં જ છે ગંગા' એમ કહી, ગંગા પદમાં પ્રકટ કરી;
અંજાઈને ભક્તે લીધી અંજલિ, એની આશ ફળી.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

કૃપાતણી ગંગાના ઝરણાં, અમારી ઉપર એમ વહે;
તીર્થ બને અંતર, દો આશિષ, તૃષ્ણા ના કોઈય રહે.

*

'ખબરદાર મારી મસ્જિદ પર પગ મૂક્યો તો બ્રાહ્મણ હે;'
વચન કહ્યા એ તમે જોરથી, બ્રાહ્મણ એ અભિમાનીને;

કેટલાય દિવસોની ઘટના, દૂર બનેલી કહી તમે;
બ્રાહ્મણ ચરણે પડ્યો તમારા, આપ્યો આશીર્વાદ તમે.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

આશીર્વાદ અમોને આપો, શંકા કદિયે થાય નહીં;
સત્યશીલ ને પવિત્ર બનીએ અસત્યમાં મન જાય નહીં.

*

સાપ દેડકાને જોઈને, પૂર્વ જન્મની વાત કહી;
ભૂત તેમ ભાવિની વાતો, વાતો એવી કંઈક કહી.

ફકીર તોયે દાન સદાયે, દીનજનોને કરનારા;
અન્નદાન પણ કરતા, ભિક્ષા માગી જો કે જમનારા.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

શક્તિ અમને મળે દિવ્ય ને, દાન કરીએ સદા અમે;
બીજાના સુખમાં સુખ સમજી, બનીએ આત્મારામ અમે.

*

લુહારની સ્ત્રી ધમણ ચલાવે, તેમાં બાળક જાય પડી;
ધૂણીની આગમહીં નાખ્યો, તમે હાથને એ જ ઘડી.

ભક્તજનોએ કારણ પૂછ્યું, ત્યારે સ્મિતની સાથ કહ્યું;
આગમહીં છે પડ્યું બાલ ત્યાં, ખેંચી તેને બહાર કર્યું.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

ભવની ભઠ્ઠી જલે બધેયે, અમે જલીએ ના એમાં;
અંગારા અડકે તો કરજો, સહાય સંકટ ને ભેમાં.

*

જમવા બેઠા ભક્તો સાથે, એવામાં 'રૂક જાવ ' કહ્યું;
કથન તમારું ના સમજ્યાથી, ભક્તોને આશ્ચર્ય થયું.

જમ્યા પછી મસ્જિદ મહીંથી, સામાન બધો ઉપડાવ્યો;
દિવાલ ત્યારે તૂટી પડી, 'રૂક જાવ' શબ્દ ત્યાં સમજાયો.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

જડ તત્વોનો પ્રભાવ તૂટે, છૂટે માયા આ જગની,
આશીર્વાદ દઈ દો અમને, સમજ પડે જડચેતનની.

*

રામનવમનો મેળો મોટો, શિરડીમાં તે દિવસ થયો;
ડોશીમાના મનમાં તમને જમાડવાનો ભાવ થયો.

મેળામાંથી બોલાવીને, રોટી તેની જમ્યા તમે;

ભાવતણાં ભૂખ્યાં છો, સાચા પ્રેમે થાવ પ્રસન્ન તમે,

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

પ્રેમ હૃદયમાં લઈ પધાર્યા, અમે તમારી પાસે આજ,
કાજ કરી દેજો સઘળાંયે, રાખી લાજ ગરીબનવાજ,

*

પ્લેગ તણી ગાંઠો ધારીને, પ્લેગ અન્યનો દૂર કર્યો,
કોલેરા દેવીને મારી, રોગતણો ભય દૂર કર્યો,

પઠાણ લાઠી લઈ મારવા આવ્યો, તેને અચલ કર્યો,
ગાડીવાન બન્યા, લોટ દળી, દુકાળનો ભય તમે હર્યો.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

પ્રેમ જગાડો સદા હૃદયમાં, ભૂત ભયતણું દૂર કરો,
બીજાનું હિત કરવા પ્રેરો, શ્રદ્ધા ને બળ જ્ઞાન ધરો.

*

નોકરી વળી ધન આશ્રય ને, સંતાનતણી ઈચ્છાથી,
જે આવ્યાં તે તૃપ્ત થયાં જન, સ્વાસ્થ્ય લાભની ઈચ્છાથી;

આત્મલાભ કરવાને આવ્યા, તે પણ પામી લાભ ગયા,
તમને પામી ધન્ય બન્યા સૌ, પામ્યા કાશી દ્વાર ગયા.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

પ્રેમ કરીને અમે લઈએ, શરણ તમારું આ જગમાં,
રાત દિવસ તમને યાદ કરી, ધન્ય થઈએ આ જગમાં.

*

ગુરૂ રૂપે દર્શન દીધા, ને ઈષ્ટરૂપે દર્શન આપ્યાં,
સર્વ દેવરૂપે દેખાઈ, સાધકનાં કષ્ટો કાપ્યાં;

જે જે ભાવે જે આવ્યું તે, તમને પામી ધન્ય થયું,
નિરાશ પાછું ફર્યું ન કોઈ, જે આવ્યું તે ધન્ય થયું.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

કેટકેટલા મેઘા સુધર્યા, સંગ તમારો દિવ્ય મળ્યે;
સુધારજો અમને કે જેથી, ક્લેશ કષ્ટ પરિતાપ ટળે.

*

કામધેનુની જેમ તમે છો, કામના બધી પુરનારા,
સમર્થ તેમજ મુક્ત તમે છો, મુક્ત અન્યને કરનારા;

કમી નથી ભંડારતણી કૈં, ખુલ્લે હાથે વરસાવો,
તો પણ ખૂટે નહીં કદીયે, અનંત વર્ષો વરસાવો.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

સમર્થ તેમજ મુક્ત કરી દો, પૂર્ણ કરી દો ને અમને,
તોફાન થકી પાર કરી દો, એ અરજી કરિયે તમને.

*

આકાશતણા તારા જેવા, જેના દોષ ગણાય નહીં,
જેના અપરાધોની ગણના, બ્રહ્માથી પણ થાય નહીં;

સરસ્વતીયે લખે છતાં યે, જેનાં દર્દ લખાય નહીં,
એવા મુજને પ્રેમ બતાવ્યો, તમે હિમાલય દેશમહીં.

પવિત્ર તો જે હોય, ખરેખર પુણ્યવાન ને ગુણવાળા,
કેમ લભે ના કૃપા તમારી, ભક્તો તે પ્રભુના પ્યારા ?

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

*

સમાધિ મંદિરમાં આવીને પ્રેમ પુજા મેં આજ ધરી,
અંજલિ આપી તમને મારા રોમરોમમાં ભાવ ભરી;

ના ચાહું વૈભવ કે ભોગો, સ્વર્ગ તેમ અપવર્ગ વળી,
તૃષ્ણા લૌકિક કામના બધી, અંતરમાંથી જાય ટળી.

ભુલભુલામણી ભવની તેમાં, ભટકે મારો પ્રાણ નહીં,
ભૂલેચૂકે પણ માયા કે મોહે લાગે ધ્યાન નહીં.

મા'ના ચરણોમાં મન રાચે, મા'ની પૂર્ણ કૃપા થાયે,
પાગલ' મન મા'ને મૂકીને, બીજે ના ક્યાંયે જાયે.

કૃપા કરો તો બધું ય થાયે, અશક્ય કૈં તમને છે ના,
જીવનનું સાફલ્ય પમાયે, અન્ય આશ મુજને છે ના.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

* * * * *

## ૫. શ્રી સાંઈનાથ ક્ષમા પ્રાર્થના

વેદ કરે છે વખાણ જેનાં, શાસ્ત્ર સંત ગુણ ગાય;
તમે તે જ પરમાત્મા પોતે, શંકા નથી જરાય,

સૃષ્ટિની શરૂઆત મહીં જે, હતા વિલસતા એક,
અનેકવિધ આ સૃષ્ટિમાં, જે વિલસે બની અનેક;

રક્ષા કરતા, પોષણ ધરતા, ગુરૂ સખા ને દેવ,
માતપિતા છો તમે જ પોતે, સિદ્ધ કરે છે સેવ.

સિદ્ધિના ભંડાર તમે છો, પ્રકૃતિના સ્વામી,
નમું તમોને એક છતાંયે, અનેક બહુનામી !

અચલ એક આ ચલ સંસારે, નથી તમારી જોડ,
કૃપા તમારી થાય તો જ, એ પડે વાતનો ફોડ.

કરું પ્રાર્થના આજ તમારી, ધારી ઉરમાં પ્રેમ,
પ્રેમ તમારે માટે પુષ્કળ, કહી બતાવું કેમ ?

નથી યોગ્યતા તોયે, રાખું સદા કૃપાની આશ;
નિહાળજો તો મારી સામે, સદ્ય લઈ અવકાશ.

યોગ્ય જનોની પાસે જાયે, ઘણા પહોંચી દેવ,
અયોગ્યના તારક બનવાની, કિન્તુ તમારી ટેવ;

કહ્યું તમે કે, મારે માટે પ્રાર્થના કરે જે,
યાદ કરે મુજને પ્રેમ કરે, ધન્ય થાય છે તે.

'તેની રક્ષા કરવા માટે સદા રહું તૈયાર;
દુઃખદર્દના દાવાનલથી, કરવા તેને પાર.'

વળી કહો કે આવે મારે શરણ પ્રેમથી જે;
નિર્ભય તેણે બની જવું, ના વ્યગ્ર થાય જન તે.

તેની ચિંતા કરું સદા હું, એ શબ્દોની યાદ,
આપું છું ને કરી રહ્યો છું, સહાયસારુ સાદ;

નથી દ્રવ્ય વૈભવની ઈચ્છા, ચહું નહીં સંતાન,
રોગ નિવારણની ન મનીષા, કામના નથી આન.

અંદરના વૈભવને ચાહું, કરું પૂર્ણતાઆશ,
કૃપા તમારી વરસાવો તો, એ યાચું હું ખાસ;

હનુમાને તુલસી પર કેવી, કરી કૃપાની ધાર,
કરો કૃપાની ધારા તેવી, હે જગના આધાર.

તમારા સમો નથી અન્ય કો' જાણ્યો જોયો મેં,
પ્રભાવ ન્યારો ખરે તમારો, સિદ્ધ મંડળે છે;

સમર્થ સાચા તમે મળ્યા છો તેનો છે આનંદ,
સાંઈનાથ કરું હું પૂજા, આ સ્વરમાં સાનંદ.

ઉદાર છો, તો માફ કરી દો, થયા દોષ સઘળાં,
જાણ અજાણે કહ્યાં હોય જો, વચન કો'ક કપરાં;

પરોપકારી, દર્શન આપો, મુજને પ્રેમ કરી;
'પાગલ' પ્રાર્થે ત્યારે પ્રેમે, કરું વાત સઘળી.

* * * * *

## ૬. કોણ છે, કોણ છે

કોણ છે, કોણ છે, કોણ છે રે,
સંત બીજા સમર્થ વળી કોણ છે રે ?

દેવતાનું આસન પણ એક દિ' ડગી જતું,
ધ્રુવપદને આપનાર કોણ છે રે ... સંત બીજા.

કોટિ કોટિ કલ્પોથી જગમાં રમી રહ્યા,
લીલા કરનાર અન્ય કોણ છે રે ... સંત બીજા.

સર્જનના આરંભે એક તમે જ હતા,
સર્જનના સ્વામી કોણ છે રે ... સંત બીજા.

ભક્તોને તારવાનું વ્રત છે લીધેલું,
પ્રેમીના પ્રાણ અન્ય કોણ છે રે ... સંત બીજા

રક્ષા કરે છે ભક્તોની ભાવે,
ભાવનાના દેવ અન્ય કોણ છે રે ... સંત બીજા.

'પાગલ' કે' સાંઈનાથ સાચા સમર્થ છે,
કરુણાનિધાન અન્ય કોણ છે રે ... સંત બીજા.

* * * * *

## ૭. એક સંત છે એવા

એક સંત છે એવા, ભાઈ, એક સંત છે એવા.

અસંખ્ય ટમકંતા તારકમાં, સમર્થ સૂરજ જેવા;
પૂર્ણ પ્રકાશસ્વરૂપ ખરેખર, આ દુનિયાના દેવા ... એક.

દીનબંધુ ને દયાળુ કોણ જ કહી શકે કે કેવા !
ચરણોમાં રાજે છે એના ગંગા જમના રેવા ... એક સંત.

શરણાગતને સાર્થ કરી દે, તેમજ તારે તેવા;
દુઃખદર્દને દૂર કરી દે, પરવરદિગાર એવા ... એક સંત.

ભક્તો કાજે કલ્પવૃક્ષ છે, આશુતોષ પણ એવા;
પરપીડાથી તરત પીગળે, પરમાર્થી યે કેવા! ... એક સંત.

વ્યાપક છે આ વિશ્વમહીં તે દેવોના યે દેવા;
સાંઈનાથ સમર્થ ગણાયે, સમર્થ કો' ના તેવા... એક સંત.

સહજવારમાં કૃપા કરી દે થાય સ્વલ્પ જો સેવા;
જ્ઞાન તેમ અધિકારસાથ ના એને લેવાદેવા ... એક સંત.

'પાગલ' કહે હોય જીવનમાં, પરમ લ્હાવ જો લેવા,
ભ્રાંતિ તજીને ભજ તો ભાવે, માણી લેશે મેવા ... એક સંત.

* * * * *

## ૮. સુણી લો અરજી મારી આજ

સુણી લો અરજી મારી આજ.
કરુણા કરી પધારો જલદી, કરવા મારું કાજ ... સુણી.

હજી સાંભળ્યો કેમ તમે ના, આતુર છેક અવાજ;
આજ સુધી સચવાઈ કેમે, જો જો જાય ના લાજ.. સુણી.

ક્ષુધિતને તમે શાંતિ આપતા, ઉત્તમ મિષ્ટ અનાજ;
શાંતિ માટે તેમજ પ્રકટો સજતાં સુંદર સાજ ... સુણી.

વિલંબ કેમ કરો છો, મેં કૈં નથી માગિયું રાજ;
નવી નથી આ વાત તમારે, કર્યાં કૈંકનાં કાજ ... સુણી.

કહે તમોને દીનબંધુ ને, ભક્ત ગરીબનિવાજ;
'પાગલ' બાળકને અપનાવો, સૃષ્ટિના શિરતાજ! ... સુણી.



* * * * *

## ૯. વારંવાર નમું

વારંવાર નમું, તમોને વારંવાર નમું.
પૂરણકામ પ્રભુ, તમોને વારંવાર નમું.

અનેક યુગથી પ્રેમ તમારો, ઉરમાં ભરી ફરું;
તમારો પુજારી હું પ્રેમી, જીવનદાન કરું ... તમોને

તમારા વિના ગતિ ના કોઈ, પ્રિય કોઈ ન ખરું ;
કોને ચરણે લળી પડું ને કહો પ્રણામ કરું ? ... તમોને

તમારા સમું કોણ દિલાવર, કોને દિલડું ધરું ?
સમર્થ બીજું કોઈ ન મળે, કોને કહો વરું ? ... તમોને

પ્રેમ કરી દો પૂરણ મુજને ત્યારે ઠામ ઠરું;
'પાગલ' કે વરસો કરુણા તો, સ્મિતથી સિંધુ તરું ... તમોને



* * * * *

## ૧૦. વિચરે વિશ્વે

વિચરે વિશ્વે એક ફકીર.

ચરાચરમહીં વ્યાપક તો પણ વસતા સરિતાતીર,
શિરડીમાં સાક્ષાત રહે છે, નિર્મળ જેનાં નીર ... વિચરે.

અનંત યુગથી લીલા કરતા, રંક છતાંય અમીર;
સુમન થકીય સુવાસિત, સ્પર્શે પાવન થાય સમીર.. વિચરે.

પરહિત કાજે કાયા ધારે, પરહિત કાજ અધીર;
જીવ જોખમે જતન કરે છે, ટાળે નિજજન પીર ... વિચરે.

સમર્થ અન્ય નથી એના શો, દીનબંધુ ને વીર;
કોણ હશે કરુણાળુ વધારે, આ અવનીનું હીર ? ... વિચરે.

પ્રાર્થે ને પોકારે તેનું બને અંગનું ચીર;
'પાગલ' સ્મરણ કરે તે તરશે, શક્તિ નથી લગીર... વિચરે.

* * * * *

## ૧૧. મમતા ખૂબ કરે મહારાજ

મમતા ખૂબ કરે મહારાજ !

ભક્તજનોને ભીડ પડે તો તરત કરી દે કાજ;
પોતાની જાણીને રાખે, નિશદિન નિજ જન લાજ... મમતા.

પોતે તરે અન્યને તારે, તારે જેમ જહાજ;
દીનજનોનાં દર્દ હરી લે, સેવે સંતસમાજ ... મમતા.

તપ્ત હૃદયની શીતળ છાયા, ક્ષુધાર્તકાજ અનાજ;
પ્યાસીનું છે પિયૂષ કેવલ, આવે સુણી અવાજ ... મમતા.

દીનહીનને વૈભવ આપે, રંકજનોને રાજ;
ભજે ભાવથી સ્મરે તેમને અપાર આપે વ્યાજ ... મમતા.

કલંક લાગે નહીં કીર્તિને અવનીના અધિરાજ;
'પાગલ'ને પાળો ને મમતા ખૂબ કરો મહારાજ ! ... મમતા.

* * * * *

## ૧૨. મારી અરજ સુણી લો આજ

મારી અરજ સુણી લો આજ, મારી અરજ સુણી લો આજ.
પ્રેમ કરીને પ્રગટી લો પ્રભુ, કરવા મારું કાજ ... મારી

સુંદરતાના સંપુટ જેવો, સરસ સજીને સાજ;
આવો મારે મંદિર આજે, કરતા મિષ્ટ અવાજ ... મારી

આતુર થઈને પ્રતીક્ષા કરતો, મારો સકળ સમાજ;
સત્કાર કરે શ્રેષ્ઠ તમારો, વાજે ઝાંઝ પખાજ ... મારી

કથા સાંભળી એવી કે છો, તમે ગરીબ નિવાજ;
પોકારું છું તેથી તમને, પ્રેમીના શિરતાજ ... મારી

અંતરનો અનુરાગ થયો છે, કહ્યું તજીને લાજ;
'પાગલ' કે' પ્રભુ પ્રસન્ન હો તો મળશે મુજને રાજ ... મારી

* * * * *

## ૧૩. જે મદદ માંગતા મારી

જે મદદ માગતા મારી, તેને મદદ કરું છું હું !
જે કરતા મારી યારી, તેને પ્રેમ કરું છું હું !

જે પોકારે ને પ્રાર્થે, ને છાયા શીતળ માગે;
જે સ્તવે, મને નિજ માને, જીવે મારા અનુરાગે.
તેને છાંય ધરું છું હું, અનુરાગ કરું છું હું !

જે આધાર મને માને, આનંદે મારે ધ્યાને;
મારા જ શરણમાં રાચે, ને નેહે કેવલ નાચે;
તેનો આધાર થઊં હું, વળી શરણ દઊં છું હું !

પડતાંને ઝીલું પ્રેમે, ના નષ્ટ થવા દઉં કેમે;
હો કદી જાનજોખમ છો, છે ભક્ત મને પ્યારો તો;
જે મારા તરફ જુએ, તે કદીકાળ ન રુવે !

છે પ્રાણ ભક્ત તો મારા, હો સાધારણ કે સારા;
મારી ફેરવતા માળા, તે જીવન માનું મારા;
જે મુજને સાદ કરે, તેની વ્હાર કરું છું હું !

આ વચન કેમ વિસરાયાં ? ના સંકટ કેમ હરાયાં ?
'પાગલ'નાં લોચન ભીનાં, આનંદે ના ઉભરાયાં !
એ વાત કહું છું હું, અનુરાગ ચહું છું હું !

* * * * *

## ૧૪. તમે સૌના તારણહાર

તમે સૌના તારણહાર.
પાલક પ્રભુ છો રક્ષક સૌના વિઘ્ન વિદારણહાર ... તમે.

ભક્તોનું મંગલ કરનારા, સંસારતણા સાર;
ત્રિગુણાતીત સમર્થ ખરેખર, શરણાગત પ્રતિપાળ ... તમે.

દીનબંધુ, દેવેશ, દયામય, કાળતણાયે કાળ;
જગ રક્ષાના વ્રતને માટે જન્મો વારંવાર. ... તમે.

પરમ શાંતિમય, સુખકર, પૂરણ, મંગલ તેમ રસાળ;
પ્રેમ સ્વરૂપ પ્રસન્ન સદાયે, સદ્ગુણ શોભાસાર ... તમે.

વર્ણન કોણ કરે મહિમાનું, મહિમા છેક અપાર;
અમાપ કેમ શકાયે માપી, પ્રયાસ સર્વ અસાર ... તમે.

તોફાનમહીં સપડાયાને કરો પ્રેમથી પાર;
પાવન કરો પતિતને જલદી તેમ કરો ઉદ્ધાર ... તમે.

આવ્યો એવી કથા સાંભળી આજે 'પાગલ' બાલ;
જોજો ટેક ટળે ન તમારી, લો મારી સંભાળ ... તમે.

* * * * *

## ૧૫. વંદન સંતન વારંવાર

વંદન સંતન, વારંવાર !

કરુણા પ્રેમથકી મંડિત જે સ્નેહતણા છે સાર;
પ્રકટ થયા પરમાત્મા પોતે ધરી મનુજ અવતાર... વંદન

ભવતારક ને દોષવિદારક, કરે કષ્ટથી પાર;
દુઃખદર્દ ને અશાંતિ ટાળે, મંગલ મધુર રસાળ ... વંદન

સર્વતીર્થથી અધિક પુણ્યપ્રદ, મુક્તિતણાં છે દ્વાર;
ગંગાથી પણ ગૌરવવાળા, મૃદુતા પારાવાર ... વંદન

શરણ તમારે જે આવે તે થાય દુઃખથી પાર;
દ્રષ્ટિપાત થતાં જ તમારો કંપી જાયે કાળ ... વંદન

જેના પર રેલો ભાવ કરી કરુણા કેરી ધાર;
ધન્ય થાય તે માનવ સાચે, પામે કદિ ના હાર ... વંદન

આગળ પાછળથી વંદન હો, વંદન વળી હજાર;
'પાગલ' ને પોતાનો જાણો તેમ કરી લો પ્યાર ... વંદન

* * * * *

## ૧૯. મુજને મદદ કરો ના કેમ ?

મુજને મદદ કરો ના કેમ ?
દયા કરીને દર્શન આપો, વરસો કેમ ન રે'મ ?

ભક્તોની પર કૃપા કરો છો, જાહેર કર્યું એમ;
મિથ્યા વચન ઠર્યાં શું સઘળાં ? ક્લેશ હરો ના કેમ ?

સમર્થ છો છો મૂક છતાંયે, વિસર્યા શિશુને કેમ ?
કરુણાગાર કહેવાઓ છો, બેઠા જડની જેમ !

સ્તવન કરું છું સદા તમારું, રટણ કરું છું તેમ;
ઉત્તર કેમ છતાં ના આપો, કેમ કરો ના ક્ષેમ ?

અધિકાર તણો વિચાર છોડી, કરો હવે તો પ્રેમ;
'પાગલ' પાસે પ્રકટ બની લો, સાંઈનાથ, સપ્રેમ !

* * * * *

## ૧૭. પ્રેમ છે પ્રેમ છે પ્રેમ છે

પ્રેમ છે પ્રેમ છે પ્રેમ છે રે
જેના દિલમાં તમારો પ્રેમ છે.

ભીતિ ને ભેદભાવ તેને કોઇ નથી,
હૈયામાં હેતનું હેમ છે રે,
જેના દિલમાં તમારો પ્રેમ છે ... પ્રેમ છે

ચિંતા કરે તે વિષયોની શાને ?
મન તેનું ચંચલ કેમ છે રે,
જેના દિલમાં તમારો પ્રેમ છે ... પ્રેમ છે

માયા ને મોહની ઝેરી છે જ્વાળા,
તેમાં બેઠો અનાસક્ત જેમ રે;
જેના દિલમાં તમારો પ્રેમ છે ... પ્રેમ છે

આઠે પ્રહર તેને અંતર આનંદ છે,
જીવનમાં એક જેની નેમ છે રે;
જેના દિલમાં તમારો પ્રેમ છે ... પ્રેમ છે

'પાગલ' કે' એનાથી દૂર ના રહેશો,
હાથે તમારા એનું ક્ષેમ છે રે,
જેના દિલમાં તમારો પ્રેમ છે ... પ્રેમ છે

* * * * *

## ૧૮. કરુણાળુ કહે છે તમને રે

કરુણાળુ કહે છે તમને રે ! કરુણા કરી દો.
આ નીરસ ઝેરી જીવનને અમીથી ભરી દો ... કરુણાળુ

છો દીનબંધુ દુઃખ હરતા, આ જગના એક જ કર્તા;
જે ધ્યાન તમારું ધરતા, તેનાં સંકટને હરતા;
તો દીનજન મને માનીને દીનતા હરી લો ... કરુણાળુ

જે તમને યાદ કરે છે, ને સ્વરૂપપાન કરે છે;
જે રટે, ભજે ને ઝંખે, તમને નિજ પ્રાણ ધરે છે;
તેના પ્રાણ બની જાઓ ને પ્રાણથી ભરી દો ... કરુણાળુ

આ જગમાં કોણ જ બીજું, જોઈને જેને રીજું ?
છે શક્તિ કોની એવી, જેને મનમિલ્કત દેવી;
મન તેથી તલસે મુજને તો દર્શન દઈ દો ... કરુણાળુ

'પાગલ' છે બાળ તમારો, સંતાપથકી તો તારો;
હે દયાનિધાન, જરીયે ના કઠોરતા વધુ ધારો;
વરસાવી પ્રેમ પલાળો ને, ધન્યતા ધરી દો ... કરુણાળુ

* * * * *

## ૧૯. સાચેરા સંત મળી જાય

સાચેરા સંત મળી જાય જો,
ત્રણે તાપ મટી જાય,
ખરે મોત મરી જાય ... સાચેરા સંત.

દર્શન દે પ્રેમ કરી સંત જો;
વ્યથા બધી મટી જાય,
દૂર દળદર ને થાય ... સાચેરા સંત.

એનો પ્રકાશ પડે પ્રેમનો,
વાયુ વેદતણો વાય,
હૈયું ઘેનભર્યું ગાય ... સાચેરા સંત.

ભક્તિની ગંગા વહી રહી,
એમાં ન્હવરાવે ન્હાય,
રસ પીએ ને પાય ... સાચેરા સંત.

ચિંતા બળીને ખાખ થાય તો;
હોળી દિવાળી થાય,
પાપ પુણ્ય બની જાય ... સાચેરા સંત.

દુર્લભ એ સંત સહવાસમાં,
મુક્તિ મહા મળી જાય,
સિદ્ધિ સહજ બની જાય ... સાચેરા સંત.

'પાગલ' કે' કેટલું કહું હજી,
કૃપા સંતની જો થાય,
પ્રભુ પોતે મળી જાય ... સાચેરા સંત.

* * * * *

## ૨૦. ભક્તોની રક્ષા કરવાનું

ભક્તોની રક્ષા કરવાનું વ્રત શાને લીધું ?
શરણાગતને અભય વચન કાં પ્રથમ થકી દીધું ?
પ્રાર્થે તેને જવાબ દેવા આપ્યો શાને કોલ ?
હજી પ્રકટ ના થાઓ શાને, શાને રહ્યા અબોલ ?

મારા તરફ મદદ માટે જે દ્રષ્ટિપાત કરશે,
મારું નામ લઈને પ્રેમે ધ્યાન વળી ધરશે;
જાનજોખમે સંભાળ સદા તેની હું રાખીશ,
ઉપકાર ગણી કૃપાકિરણને તેના પર નાખીશ.

તમારાં બધાંયે કર્મો પર નજર રહે મારી,
ઉગારવાને તમને શક્તિ કામ કરે મારી;
કહ્યા વચન છે તમે જ એવાં થયાં વ્યર્થ તે શું ?
મહાન પુરૂષોની વાણીમાં બળ શું ના જ કશું ?

ત્રિલોકની રક્ષા કરવા છો સદા તમે તૈયાર,
મારા તો હિતની ચિંતાનો લાગ્યો તમને ભાર ?
શક્તિ તમારી કામ કરે ના કેમ મહારેકાજ;
પોકારું તોપણ ના આવો સત્વર શાને આજ ?

અપરાધ બધા ક્ષમા કરીને પ્રકટ બનો સપ્રેમ,
'પાગલ' બાલક પર મુક્તમને આજ કરી દો રે'મ;
લોચનને જોવાની ઈચ્છા, તૃષ્ણા અન્ય નથી,
એકે ક્ષણ ના બનો વધારે જો જો હવે હઠી.

અનુરાગમહીં આવી વચનો આદરે કહું,
સાંઈનાથ, ઘણાં માની કરી દો કરુણા ચહું.

* * * * *

## ૨૧. યોગીરાજ નમું

યોગીરાજ નમું, તમને યોગીરાજ નમું.
વારંવાર નમું, તમને યોગીરાજ નમુ.

શિરડીમાં પ્રકટેલા પ્રભુજી, લેતા શ્વાસ હજુ;
પ્રેમથકી પોકારે તેની પાસે થવા રજુ.
સ્તવન કરીને આજ તમારું સાંઈનાથ નમું ... યોગીરાજ

યાદ કર્યાથી તમને સાચે ના મુશ્કેલ કશું,
ભાવે ભજતાં શાંતિ સુખ મળે વૈભવ તેમ વસુ;
ચાહે તેનું કામ કરી દો હોય ભલે વસમું ... યોગીરાજ

આશીર્વાદ દઈ દો માને હૈયે સ્થાને ધરું ?
મારા ને કૈં ના જીવનમાં પ્રેમપ્રકાશ ભરું;
સંતોની સંગતિમાં નિશદિન હરખું તેમ રમું ... યોગીરાજ

દ્વંદ્વ જગતનાં નિશ્ચલ મનથી, સ્મિતની સાથ ખમું;
મન ઈન્દ્રિયનો વિજય કરું, ને અમૃત નિત્ય જમું.
મા' નું રસભર રૂપ તજી ના બીજે ક્યાંય ભમું ... યોગીરાજ

પ્રેમ તમે રાખો છો, મુજ પર રાખો તેમ સદા;
ભાવ પરસ્પર હૃદય રહેલો તૂટે ના જ કદા,
'પાગલ' કે' પ્રણિપાત કરીને પ્રેમ ધરી વિરમું ... યોગીરાજ

* * * * *

## ૨૨. સાચેરા સંત મને છે મળ્યા

સાચેરા સંત મને છે મળ્યા.
મારું જાગી ગયું ભાગ, મારું જાગ્યું સદ્ભાગ્ય... સાચેરા સંત

દર્શનથી દુઃખદર્દ છે ટળ્યા, અંતરના અંધકાર ને મર્યા;
મળ્યો પૂરણ આનંદ, ગાય હૈયું સાનંદ ... સાચેરા સંત.

પૂરવના પુણ્ય બધાંયે ફળ્યાં, તપ ને વ્રત ધન્યતાને વર્યાં;
ઉગ્યું મંગલ પ્રભાત, મારી ધન્ય થઈ જાત ... સાચેરા સંત.

દર્શન છે સંતતણાં દોહ્યલાં, મારે માટે થયાં છે સોહ્યલાં;
કહું સુખની શી વાત, મળી મુક્તિની વાટ ... સાચેરા સંત.

પૂરણ પ્રેમાળ સિદ્ધ સંત આ, પ્રભુની કૃપા વિના પમાય ના;
ખરે જંગલ એ તીર્થ, માંડે મારાશું મીટ ... સાચેરા સંત.

'પાગલ' કે' સંત સદા સેવતાં ચરણોમાં મસ્તકને મેલતાં,
થાય કાયા કૃતાર્થ, બને જીવન ને સાર્થ ... સાચેરા સંત.

* * * * *

## ૨૩. નમન કરું, નમન કરું

નમન કરું, નમન કરું, સાંઈબાબા, નમન કરું.
નેહ કરીને નમન કરું, સાંઈબાબા નમન કરું.

તમારા વિના આ સંસારે કોણ હિતેચ્છુ કહો ખરું ?
માતપિતા કે પ્રેમીજન કો', કોને કહો સપ્રેમ સ્મરું ?

કોના ચરણોમાં મનમિલ્કત તેમજ અંતર આર્ત ધરું ?
કોને કાજે કહો ગીતમાં મધુરા મારા ભાવ ભરું ?

કોણ તમારા જેવું મોટું, સમર્થ તેમ દયાળુ નરુ ?
કોના ઉરમાં કરુણા ઝરણાં; સ્મરણ કરું સાનંદ ફરું.

પ્રેમ તમારો વરસાવી દો, મૃત્યુથકી તો નહિ ડરું;
શોક તાપ ને ભય સૌ ભાગે, કાયમકાજે ક્લેશ તરું.

મા'ની પૂર્ણ કૃપા થૈ જાયે આશા એવી એક કરું ;
'પાગલ' કે' આશિષ વરસાવો, પૂર્ણ કૃતાર્થ થઈ વિચરું.

* * * * *

## ૨૪. સાંઈ પ્રભુજી, તરત પધારો

સાંઈ પ્રભુજી, તરત પધારો !

બોલાવું કે તરત પધારો,
દુઃખદર્દ ને ચિંતા ટાળો;
પ્રેમીજનના પૂરી મનોરથ,
કોલ તમે આપેલો પાળો. ... સાંઈ.

થોડા ભાવ વધુ લો માની,
અલ્પ અમે તો આખર પ્રાણી;
શરણાગત નરસો કે સારો,
તાપથકી કરુણાકર, તારો. ... સાંઈ.

દર્શન આપો, વાત કરી લો,
કોમળ સ્પર્શ કૃપાળુ, ધરી દો;
'પાગલ' વિરહ સદાય નઠારો;
સાંઈ પ્રભુજી તરત પધારો ! ... સાંઈ.

* * * * *

## ૨૫. તમે મારાં કામ બધાંય કર્યાં

તમે મારા કામ બધાંય કર્યાં.

મનોરથ બધા પૂરણ કરિયા, સઘળા હેતુ સર્યા;
પ્રકટ કરી ઈચ્છા સંતોષી, દર્દ અનેક હર્યા. .....તમે.

શક્તિ તમારી દિવ્ય અનેરી, આશીર્વાદ ધર્યા;
માતા જેમ જ મમતા રાખી, સાંઈ સાથ ફર્યા. .....તમે.

કૃપાવૃષ્ટિ વરસાવી મારાં, રસથી રોમ ભર્યાં;
ગણી શકાયે કેમ જ ગુણને, જે ઉપકાર કર્યા. .....તમે.

કામ આટલું હવે કરી દો, માનું તો જ ખરા;
'પાગલ' મિલન કરાવો બેનું, હો ન વિલંબ જરા .....તમે.



* * * * *

## ૨૯. સાંઈનાથ આજે તો આવો જરૂર

સાંઈનાથ આજે તો આવો જરૂર,
જિંદગી તમારા વિનાની ધૂળ ... સાંઈ

કેટકેટલા દિનોથી તલસું તમોને,
અંતરની વેદના કહું કહોને કોને;
હૈયું થયું મળવાને ગાંડુતૂર... સાંઈ

લાજે કૃપા તમારી જો ના પધારો,
આપેલા કોલ તમે સત્વર ના પાળો;
કેમ ગમે દિલને રહેવું દૂર ?... સાંઈ

આંખોમાં અંજન છે આંજેલ પ્રેમનું,
અંગે અનુરાગ ભર્યો, દુર રહું કેમ હું ?
પ્રાણમહીં જાણે છે પ્રેમનું પૂર ... સાંઈ

દર્શનની કામના કૃતાર્થ કરો આજે,
આશિષની વર્ષા કરો મારે કાજે;
અજવાળો અંગાગ રેલીને નૂર ... સાંઈ

સેવાનો ભેખ લઇ વિચરો તમે તો,
ભક્તોને તારનાર બીજો કહો કો’?
'પાગલ' છે પ્રેમી મહીં મશહૂર ... સાંઈ

* * * * *

## ૨૭. હે સંત, મારા

હે સંત, મારા જીવનના આધાર છો.
તમે તો મારા પ્રેમી પ્રાણાધાર છો.
હે સંત, મારા જીવનના આધાર છો.

તમારી કૃપાથી મારું જીવન આનંદે ચાલે,
તમારી આશિષે એનાં ફૂલડાં ઊગે ને ફાલે;
દૈવી કો' દાતાર છો. ....હે સંત મારા.

જીવનના રણમાં ન્યારી વનસ્થલી છે તમારી;
તાપે તપેલું હૈયું છાયા પામે છે ભારી;
અમૃતના આગાર છો. ....હે સંત મારા.

તમે છો પિતા ને માતા સખા તેમ સ્નેહી,
પ્રાણ તેમ જીવન ને દેહ વળી દેહી;
સંસારના એક સાર છો. ....હે સંત મારા.

કૃપાની અખંડ વર્ષા વરસી રહેજો પ્રેમે;
અમારા વિના રહેજો વિખૂટા કદી ના કેમે;
પ્રેમીના હૈયાના હાર છો. ....હે સંત મારા.

* * * * *

## ૨૮. જેનું હૈયું પુનિત પ્રણયે

જેનું હૈયું પુનિત પ્રણયે રોજ મારે ઉછાળા,
જેના પ્રાણે અખિલ જગની જાગતી જ્ઞાનજ્વાળા;
જેણે અર્પી પરહિત ભરી જિંદગી વિશ્વકાજે,
તે સાંઈના ચરણમહીં હો વંદના લક્ષ આજે.

જે સિદ્ધિના પતિ, પતિતને કાજ જે પ્રેમવાળા,
રોમેરોમે સતત છલકે જેહના તેજ ધારા;
ભક્તો માટે વરદ, સુખ ને શાંતિથી જે નવાજે,
તે સાંઈના ચરણમહીં હો વંદના લક્ષ આજે.

દુઃખી કાજે હૃદય રડતું જેમનું તેમ કોઈ
રોગી પીડારત નિરખતાં પીગળે શીઘ્ર સોઈ;
જેનું હૈયું સુમનસરખું દર્દ જોતાં જ દાઝે,
તે સાંઈના ચરણમહીં હો વંદના લક્ષ આજે.

ભૂલોને ના કદી નિરખતા, સિંધુ જેવા સમાવે,
ભક્તોને જે નિજ હૃદયમાં; શાંતિકીર્તિ કમાવે;
ગાંડોઘેલો શિશુ નિજ ખરે છોડવો કેમ છાજે,
તે સાંઈના હૃદયમહીં હો વંદના લક્ષ આજે.

શક્તિ છે ના પ્રકટ કરવા રૂપ સાચે તમારું,
ભક્તિમાંયે મન નવ ખરે લાગતું આ નઠારું;
તોયે તારે પરમમહિમા કીર્તિ જેની ન લાજે,
તે સાંઈના ચરણમહીં હો વંદના લક્ષ આજે.

થોડો માની વધુ હૃદયનો ભાવ ઢાળે કૃપાને,
જેની આંખે અમૃત વરસે ટાળતા તે તૃષાને;
પોકારોને તરત સુણતાં આવતા જે અવાજે,
તે સાંઈના ચરણમહીં હો વંદના લક્ષ આજે.

સાંઈનાથ, સ્વીકારી લો પૂજા આ ભાવથી ભરી,
સહર્ષ આજ ને જાઓ વ્હેલા 'પાગલ'ને મળી.

## ૨૯. લેતાં સાંઈ કેરું નામ

લેતાં સાંઈ કેરું નામ, કરી લો આ દુનિયાના કામ,
સ્મરતાં સદાય સ્નેહનિધાન, કરી લો ... લેતાં

મદ ને માન અહંતા ધોઇ, હૈયે ઉત્તમ ભાવો બોઇ,
છોડી ચિંતા બીક તમામ, કરી લો ... લેતાં

જો જો કુકર્મ કદી ના થાયે, મન ના ખોટે મારગ જાયે;
માની સ્વાર્થ પ્રમાદ હરામ, કરી લો ... લેતાં

હિતમાં રોજ રહેજો રાજી, બનશો બીજાના ના કાજી;
દેતાં જીવોને આરામ, કરી લો ... લેતાં

સંતસમાગમ નિશદિન સેવો, માણો પ્રભુભક્તિનો મેવો;
મળશે અંતરને આરામ, કરી લો ... લેતાં

વાવો તેવું લણો સદાયે, નિયમ જગતમાં એ વખણાયે;
માટે રગ રગ રાખી રામ; કરી લો ... લેતાં

સાંઈ સમર્થ ખૂબ ગણાયે, પ્રેમદયા મહિમા વખણાયે;
કરશે કારજી સિદ્ધ તમામ, કરી લો ... લેતાં

લઇ લો શરણ સદાયે એનું, સ્નેહી સંસારે કો' કેનું;
રે'વું બે દિન કે બે યામ, કરી લો ... લેતાં

'પાગલ' સાંઈના ગુણ ગાયે, પામી કૃપા નિરંતર ન્હાયે;
જીવો હૈયે રાખી હામ, કરી લો ... લેતાં

* * * * *

## ૩૦. વરસાવો કૃપાવૃષ્ટિ હે

વરસાવો કૃપાવૃષ્ટિ હે સંતન સાચા !
સરજી દો નવી સૃષ્ટિ હે સંતન સાચા ! ... વરસાવો.

પરોપકારને કાજે, ધરી કાયા પ્રેમી કાજે;
કરી દો સત્ય તે આજે હે સંતન સાચા ! ... વરસાવો.

તનમનમાં તમારા મંગલની ચાલે માળા;
અમંગલ ટાળો મારાં હે સંતન સાચા ! ... વરસાવો.

ક્ષમા ને દયા તમારી ત્રિભુવનમાં છે ન્યારી;
વખણાયે બલ ભારી હે સંતન સાચા ! ... વરસાવો.

વાદળને ભેદ નહીં, વરસે જ્યાં હોય તહીં;
વાયુ રહે બધે વહી હે સંતન સાચા ! ... વરસાવો.

વિવેકજ્યોતિ જલાવો, અંધારાં ઊંડાં હલાવો;
શોક ને ચિંતા શમાવો હે સંતન સાચા ! ... વરસાવો.

થોડી પ્રીતિ ઘણી માની, આને જાણી વેદવાણી;
પ્રસન્ન હો જ્ઞાની દાની હે સંતન સાચા ! ... વરસાવો.

'પાગલ' તમારે માટે તેને મળો શિરસાટે;
વિનવું નેહને નાતે હે સંતન સાચા ! ... વરસાવો.

વરસાવો કૃપાવૃષ્ટિ હે સંતન સાચા !
સરજી દો નવી સૃષ્ટિ હે સંતન સાચા ! ... વરસાવો.

* * * * *

## ૩૧. પૂજું તમને આજ પ્રભાતે

પૂજું તમને આજ પ્રભાતે, ધૂપ દીપ ને હારે,
રંગભર્યા ગંગાને ઘાટે, સાંઈનાથ, સવારે ... પૂજું

અંતરમાં છે ઉમંગ ભારે, વ્હાલ વહે છે સહસ્ત્રધારે;
નસનસમાં છે જીવન જાદુ, છોડું સૂર સિતારે ... પૂજું

ભાવતણાં મધુરા પુષ્પો છે, ગૂંથુ અંતર તારે;
કંઠમહીં તે દઉં ચઢાવી, શોભા સુંદર ધારે ... પૂજું

નથી પ્રવીણ પૂજામાં કોઇ, તોપણ દિલડુ વારે;
'પાગલ' પ્રાણ કૃપાને તલસે, આશ અન્ય ના મારે ... પૂજું

* * * * *

## ૩૨. આશિષ આપો સંત

આશિષ આપો સંત, આજે આશિષ આપો સંત !

વરસો કૃપા નિરંતર નેહે અક્ષય તેમ અનંત;
દ્રષ્ટિ સમક્ષ પ્રસન્ન પ્રકટ હો, લાજે લાખ અનંગ. .... આજે.

દેવસિદ્ધ છે સમર્થ કૈં યે, યોગી તેમ મહંત;
તમારી બરાબર ના કોઈ, સર્વેશ્વર ભગવંત ! .... આજે.

અનન્ય ગુણ ને રૂપ તમારું, રાય ભજે ને રંક;
સમતાના સ્વામી છો સાચે, અનાદિ તેમ અખંડ .... આજે.

વિશ્વમહીં વ્યાપક છો તેથી પોકારું, બલવંત !
'પાગલ' આશીર્વાદ દઈ દો, શાંતિ છવાય અનંત ... આજે.



* * * * *

## 33. તમે સાચે પ્રકટ પ્રભુ

તમે સાચે પ્રકટ પ્રભુ.
દીનબંધુ ને દુઃખ હરનારા, પાલક વિશ્વવિભુ ... તમે

ધારક તેમજ નાશક સૌના, વ્યાપેલા જગશું;
જીવન સૌના પ્રાણ થયેલા, અનાદિ અમર પ્રભુ ... તમે

માતપિતા ને સ્વજન સખા છો, સ્વામી તમે ગુરૂ;
પ્રેમી કાજે પ્રકટ બનો છો, ધારો દેહ હજુ ... તમે

મહીતણા મંગલને માટે, જીવન છે સઘળું;
શરણાગતની રક્ષા કરવા, વ્રત લીધું કપરું ... તમે

'પાગલ' મનડું મધુર તમારી, પાછળ મુગ્ધ થયું;
કૃપાતણી વર્ષા છો વરસે, ચરણે ચિત્ત ઠર્યું ... તમે

* * * * *

## ૩૪. સંત પુરૂષની પૂર્ણ કૃપા હો

સંત પુરૂષની પૂર્ણ કૃપા હો;
સંકટ આવે, કંટક પરથી પડે ચાલવું કદી પછી છો.

વિઘ્નોનાં વાદળ વિખરાશે, દુઃખ બધાંયે દૂર થશે જો;
કરમાયેલાં કોમળ બનશે, ખીલી ઉઠશે ફરી હ્રદય તો.

જડ જીવનમાં ચેતન ફરશે, રોતાંને ના પાર હરખનો;
દળદર દૂર થશે જીવનનાં, અમૃત વરસી જાય પછી તો.

આશીર્વાદ મળ્યે સંતોના, અશક્ય અવનીમાં નવ કૈં હો;
'પાગલ' પ્રભુ કરુણા વરસાવો, સંશય શ્રેયતણો જ પછી શો?

* * * * *

## ૩૫. દીનનદેવ સકળ દુઃખહારી

દીનનદેવ સકળ દુઃખહારી!
અધમોદ્ધારક, હે જગનાયક,
પાવક હે ભવતારક ભારી ... દીનનદેવ.

કરુણાગાર સુખદ સંકટહર,
ક્ષમાનિધાન મહાઅવતારી;
પ્રેમળ પાવન દર્દવિનાશક,
સાંઈ સુણજો અરજ અમારી ... દીનનદેવ.

ચરણમહીં મારું મન રાચો,
રોમ રોમમાં મૂર્તિ નાચો;
'પાગલ' પ્રાણ પ્રસાદી પામો,
જગમંગલ જગજીવનધારી ... દીનનદેવ

* * * * *

## ૩૯. સંતપુરૂષ હે અખિલ જગતના

સંતપુરૂષ હે અખિલ જગતના,
પ્રણમું વારંવાર, પ્રેમે પ્રણમું વારંવાર !

તમારા વિના કોને પ્રણમું,
ભજું રટું ને સ્તવું તેમ હું ;
જીવનના આધાર, પ્રેમે પ્રણમું વારંવાર ! ...સંતપુરૂષ હે.

સાથ તમારો પામું ત્યારે
ઉભરાયે ઉર રસની ધારે ;
લાગે અન્ય અસાર,પ્રેમે પ્રણમું વારંવાર ! ...સંતપુરૂષ હે.

આંખમહીંથી અમૃત ઢાળો,
સુખનો પાર રહે ના મારો ;
થઉં કલેશની પાર, પ્રેમે પ્રણમું વારંવાર ! ...સંતપુરૂષ હે.

વચન તમારાં સુણવાં મારે;
રમું નિરંતર એ જ વિચારે;
પ્રાર્થું વારંવાર, પ્રેમે પ્રણમું વારંવાર ! ...સંતપુરૂષ હે.

ચરણમહીં જીવનનું ઝરણું,
વહી રહે મારીને મરણું,
'પાગલ' પ્રાણાધાર! પ્રેમે પ્રણમું વારંવાર ! ...સંતપુરૂષ હે.

* * * * *

## ૩૭. મહાસંત મેં માન્યા

મહાસંત મેં માન્યા તમને મહાસંત મેં માન્યા !

અખિલ જગતમાં સૌથી ઉત્તમ સિદ્ધપુરૂષ મેં જાણ્યા,
પ્રેમળ તેમ દયાળુ ખરેખર પિતા સમાન પ્રમાણ્યા ... મહા.

ભક્તજનોના પ્રાણ, દીનના આધાર સમા માન્યા;
અધમોદ્ધારક, મંગલકારક જીવનનું ધન જાણ્યા ...મહા.

પરમાત્મા પોતે જ સનાતન રૂપ ધરીને આવ્યાં;
એ જ ભાવથી આજ લગીનાં ગીતોમાં મેં ગાયા ...મહા.

'પાગલ' શ્રદ્ધા સત્ય કરી દો, કરી દો હવે દયા;
મનોરથ કરો પૂરણ મારો, રંક જનોના રાયા ! ... મહા



* * * * *

## ૩૮. ઉદીનો મહિમા છે મોટો

ઉદીનો મહિમા છે મોટો, એનો જગમાં ના જોટો ... ઉદીનો.

ગ્રહણ કરે જે ભાવે તેને કૈં ન રહે તોટો;
ભાવ મુજબ ફળને પામે હો સાચો કે ખોટો ... ઉદીનો.

મુસાફર સદા સાથે રાખે દોરી ને લોટો;
ઉદી તેમ જે સેવે તેનો ભરાય છે કોઠો ... ઉદીનો.

મુખમાં રાખે, ધરે કપાળે, દર્દ કદિક હો તો,
ક્લેશ ટળે છે તેનો ફૂટે જેમ જ પરપોટો ... ઉદીનો.

સેવન કરતાં સૌ સુખ આપે, પ્રાણ હસે રોતો;
'પાગલ' સાંઈ, જોજો મહિમા થાય નહીં ખોટો ... ઉદીનો.



* * * * *

## ૩૯. મહાપુરૂષની વાણી

મહાપુરૂષની વાણી,
મિથ્યા થાય કદી ના એવી, વાત ખરે મેં જાણી ...
મહાપુરૂષની.

ભૂલભાંતિમાં બોલાયે તો પણ કરતી કલ્યાણી,
અમોઘ ફળને અવશ્ય આપે માની હો કે શાણી ...
મહાપુરુષની.

વહી ગયેલાં પાછે વાળે પ્રવાહ કેરાં પાણી;
પર્વત રણ, રણનું વન કરતી, નિર્ધન કરતી દાની ...
મહાપુરુષની.

અબોલને શીઘ્ર કવિત્વ ધરે, તરત મટાડે હાનિ;
સિદ્ધ વચનનો મહિમા મોટો પ્રસિદ્ધ વાત પુરાણી ...
મહાપુરુષની.

'પાગલ' પ્રભુજી જો જો મિથ્યા થાય તમારી વાણી;
કૃપા પિયૂષ વરસજો આજે ચાતક જેવો જાણી ...
મહાપુરુષની.

* * * * *

## ૪૦. શિરડીવાસી, સદા પધારો

શિરડીવાસી, સદા પધારો.
જીવન ઝાંખી થકી ઉજાળો .. શિરડીવાસી.

નથી તપસ્યા શ્રદ્ધા તેમજ
જ્ઞાનપ્રેમનો નથી ઝગારો;
એક ભરોસો મને તમારો,
તાપ થકી તો આજે તારો .. શિરડીવાસી.

નથી દ્રવ્યવૈભવની તૃષ્ણા,
લૌકિક સ્વાર્થ નથી કૈં મારો;
દર્શનની છે આશા એક જ;
શરણાગતને પ્રેમે પાળો .. શિરડીવાસી.

રૂપ તમારું લઈ અલૌકિક
પ્રકટો, વધુના હવે વિચારો;
'પાગલ'ને આજે અપનાવો,
બગડી બાજી છેક સુધારો .. શિરડીવાસી.

* * * * *

## ૪૧. કૃપાળુ સાંઈનાથ ખરે

કૃપાળુ સાંઈનાથ ખરે.
શરણ લઈ લે, સ્નેહ કરી લે, શોકે કેમ મરે ? ... કૃપાળુ

ચિંતા દૂર થઈ જાય બધી, દર્દ સમસ્ત ટળે;
આધિ વ્યાધિ ઉપાધિ જલે ને અશાંતિ સર્વ મરે. ... કૃપાળુ

એક જ દ્રષ્ટિ પડે ત્યાં તુજને નવ-અવતાર મળે;
આશીર્વાદ સ્પર્શથી સિદ્ધિ મુક્તિ તેમ વરે.... કૃપાળુ

એવો કયો પદાર્થ જગતમાં કૃપા થયે ન મળે ?
સંકલ્પ થકી સાંઈપ્રભુ તો મંગલકામ કરે.... કૃપાળુ

અજ્ઞાની અધમાધમ પણ કૈં જીવન ધન્ય કરે;
દીનહીનને વૈભવ તેમજ કીર્તિ અમર મળે... કૃપાળુ

દુઃખદર્દની એક દવા છે, લે આધાર ખરે;
'પાગલ'પ્રેમ કરી લે સાચો, સાગર સ્હેજ તરે,... કૃપાળુ

* * * * *

## ૪૨. ફરતાં ફરતાં ભાવે ભજજો

ફરતાં ફરતાં ભાવે ભજજો સાંઈનાથ સમર્થ રે.
અંતરના ઉંડાણે રટજો સાંઈનાથ સમર્થ રે.

મનને નિર્મળ કરતાં દેજો સ્થાપી ચરણોમાંહી રે,
સુરતાને એકાગ્ર કરો તો કમી રહે ના કાંઈ રે ... ફરતાં.

વિચાર વિમલ કરીને સેવો એ સૃષ્ટિના સ્વામી રે;
કર્મ કરી લો ઉત્તમ લેશો શ્રેયપ્રેયને પામી રે ... ફરતાં.

પ્રાર્થના કર્યે ઉત્તર આપે, ચિંતા સર્વે ટાળે રે.
અશક્યને પણ શક્ય કરી દે, મુસીબતોને મારે રે ... ફરતાં.

પ્રેમ કરો તો પામો મેવા, કરો સ્નેહથી સેવા રે;
'પાગલ' ધન્ય કરી દે સત્વર, સાંઈ આ છે એવા રે...ફરતાં.



* * * * *

## ૪૩. તમારું શરણ છે જેણે

તમારું શરણ છે જેણે સમજતાંવેંત લીધેલું,
નિરંતર પ્રેમભક્તિનું હૃદયથી દૂધ પીધેલું;
લગાડી ચિત્ત ચાહે એકભાવે કૈંક દિનથી તે
તમારાં બાળકોને શાંતિ આપો, સિદ્ધ યોગી હે !

તમોને નિયંતા જગના પિતા પ્રભુરૂપ માને છે,
સ્વજન સ્નેહી સખા સ્વામી ગુરૂની જેમ જાણે છે;
તમે કીધી કૃપા કૈંવાર પોતાનાં ગણીને તે
તમારાં બાળકોને શાંતિ આપો, સિદ્ધ, સાંઈ હે !

સ્મરે તમને સ્તવે ને કૃપાની માગે સદા ભિક્ષા,
મહાજનના સમાગમની જ લીધી જન્મથી દીક્ષા;
અખંડ મિલનતણા જ મનોરથે દિનરાત મહાલે તે
તમારાં બાળકોને શાંતિ આપો, સિદ્ધ યોગી હે !

નથી અંતરમહીં ઈચ્છા જરીયે ક્ષુદ્ર કૈં રાખી,
તમારી કામના કેવલ, કથા એ સત્ય છે ભાખી;
સમર્થ વળી દયાળુ ગણી તમારી તરફ તાકે તે
તમારાં બાળકોને શાંતિ આપો, સિદ્ધ, સાંઈ હે !

તમારું શરણ લે તેને કદીયે દુઃખ આવે છે ?
વિપત્તિ ક્લેશ તેમજ કાળ તેની પાસ ફાવે છે ?
લભે સુખશાંતિ તેમજ કરે ઉન્નતિ સર્વ રીતે તે,
તમારાં બાળકોને શાંતિ આપો, સિદ્ધ યોગી હે !

પ્રલોભનથી કરીને પાર, ભયસ્થાનો હઠાવી દો,
કરી અનુકૂલતા આનંદ ને ચેતન જગાવી દો;
તમારા પ્રેમમાં 'પાગલ' હતાશ ન થાય જોજો તે,
તમારાં બાળકોને શાંતિ આપો, સિદ્ધ, સાંઈ હે !

* * * * *

## ૪૪. કોઇ સંત નથી

કોઇ સંત નથી, આવા કોઈ સંત નથી.
સર્વ સમર્થ અન્ય ના આવા, સાચી વાત કથી. ... કોઈ.

શરણાગતના મંગલ માટે, કરતા મદદ બધી;
ઉદ્ધાર કરે અનાથ જનનો, કોઈ સિદ્ધ નથી. ... કોઈ.

માતપિતા જેવા મમતાભર ભરિયા પ્રેમથકી,
સિદ્ધિના સ્વામી પ્રભુ જેવા, પ્રેમી અન્ય નથી. ... કોઈ.

'પાગલ' મંગલ જો ચાહે તો લેજે વાત લખી;
સાંઈને જ કરી લે તારા રથના માત્ર રથી. ... કોઈ.

* * * * *

## ૪૫. સ્તવે તમને પ્રેમથી

સ્તવે તમને પ્રેમથી ને રટ્યા જે તમને કરે
તમારો આધાર રાખી જગતની યાત્રા કરે;
તમોને જ જપે તમારા રાગમાં રંગે રમે,
હઠાવી દો તેમના જીવનતણાં વાદળ તમે !

તમારા સરખા સમર્થ ખરે જગતમાં કો' નથી,
તમોને જ વિવિધ સ્વરૂપે રહે નામે સૌ કથી;
ભાવના એવી કરે તે ભક્ત સૌ તમને ગમે,
હઠાવી દો તેમના જીવનતણાં વાદળ તમે !

આંસુ સારે તેમની લુછતા તમે તો આંખને,
દીનહીન અપંગજનની તરત બનતા પાંખને;
પ્રાણ જેવા માનતા જે તમોને પૂજે નમે,
હઠાવી દો તેમના જીવનતણાં વાદળ તમે !

તમે ના સંભાળશો સંભાળ લેશે કોણ તો ?
તમે ના સાંત્વન ધરો ધરનાર સાંત્વન અન્ય કો' ?
શરણ લે તે સર્વની ચિંતા ટળે સંકટ શમે;
હઠાવી દો તેમના જીવનતણાં વાદળ તમે !

મનોરથ પૂરા કરો ને શાંતિની વર્ષા કરો,
સરળ કરતાં કઠિનને મૃતપ્રાયને જીવન ધરો;
પંથને ઉજ્જવળ કરો; 'પાગલ' ન ભ્રમણામાં ભમે,
હઠાવી દો તેમના જીવનતણાં વાદળ તમે !

* * * * *

## ૪૬. વિશ્વમાં વ્યાપક

વિશ્વમાં વ્યાપક, પિતામાતા જગતના હે પ્રભુ,
સર્વના હૃદયે રહેલા પ્રેમના સાગર વિભુ;
પ્રભાતે ઊઠી તમારી પ્રેમથી પૂજા કરું,
સિદ્ધ સાંઈનાથ, તમને નમું વારંવાર હું !

જિંદગીના કામ કરતાં તમારી યાદી કરું,
શ્વાસ લેતાં ભાવકેરી પ્રાણમાં ભરતી ભરું;
તમારામાં મન લગાડી કરું સાધન રોજ હું,
સિદ્ધ સાંઈનાથ, તમને નમું વારંવાર હું !

કષ્ટ કાપો, ક્લેશ ટાળો, વિઘ્ન નષ્ટ કરો વળી,
શમાવો ચિંતા બધી, મારગ રહો ઉજ્જવળ કરી;
દિવ્ય ઉત્સાહે ભરી દો, કૃપા વરસાવો હજુ,
સિદ્ધ સાંઈનાથ, તમને નમું વારંવાર હું !

તમારો આધાર લે તેને અશક્ય નથી કશું,
ચહે તે આપો તમે સામ્રાજ્ય સુખ યશ ને વસુ;
કહે 'પાગલ' કરો એવું કે સદાકાજે હસું,
સિદ્ધ સાંઈનાથ, તમને નમું વારંવાર હું !

* * * * *

## ૪૭. તમારે ભરોસે છોડી મેં

તમારે ભરોસે છોડી મેં
જીવનની હોડી તમારે ભરોસે છોડી મેં.
ચિંતા સતાવે હવે શે ? ... જીવનની હોડી.

ઊંચા તરંગો આવે, ભેખડ ને પત્થર ભારે,
ખાડા ને ટેકરાની આવે અગણિત છો હારે;
ભીતિ હવે ના લગીરે. .... જીવનની હોડી.

ગરજે છો સાગર સામે, વાયુ બધા લાગ્યા કામે;
તોફાની વાતાવરણે મળતો ના છો આરામે;
નિરાશા અડે ના આતમને. .... જીવનની હોડી.

ચપલા ચમકે ચોપાસે, વાદળ જાણે કે હાસે;
વરસાદે માજા મૂકી, પ્રવાસી પામર સૌ નાસે;
શ્રદ્ધાનું ગીત છોડ્યું મેં. .... જીવનની હોડી.

નાવિક તમે છો મારા, એકાકી ધ્રુવ તારા;
તમારે આધારે મેં તો છોડ્યા હ્લેશાં મારા;
કરી દેશો પાર 'પાગલ' કે' .... જીવનની હોડી.

* * * * *

## ૪૮. કૃપાનો વરસાદ

કૃપાનો વરસાદ મારા પર તમે વરસ્યા,
પ્રેમપ્યાલા કૈંક પાયા પ્રાણને તરસ્યા;
અંધકાર ભરેલ પંથે જ્યોતને રેલી,
મળી કૈંક વખત કરી આનંદની હેલી.
ઋણી છું, કેમ જ વિસારું પ્રેમ દૈવી એ;
તમે આપ્યું વચન સાચું કરો સાંઈ હે !

ભક્તને કાજે તમે તો જિંદગી ધારી,
શરણ લે તેને તરત દેતા વળી તારી;
ભાવના આશા મનોરથ સર્વના પૂરો,
ક્લેશ ચિંતા કષ્ટ પર મૂકો તરત પૂળો.
કેમ ગુણ ગાઉં વિસારું પ્રેમ દૈવી એ;
તમે આપ્યું વચન સાચું કરો સાંઈ હે !

શોક ના ટળતો વળી મારગ નથી મળતો,
ધ્યેય ભૂલીને રહું સાગરમહીં ફરતો;
શોક ટાળી માર્ગ સાફ કરી પ્રકાશ ધરો,
દિવ્ય જ્યોત ધરી તમારી અંધકાર હરો.
માર્ગદર્શન શે વિસારું પ્રેમ દૈવી એ;
તમે આપ્યું વચન પાળો સિદ્ધ સાંઈ હે !

તમારો વિશ્વાસ છે અંતરમહીં જેના,
સફળ છે યત્નો સરળ રસ્તા બધા તેના;
કહ્યું છે એવું કરી દો સાર્થ તો તેને,
તમોને પ્રાર્થે રહે પીડા નહીં એને,
બળ અનંત નહીં વિસારું પ્રેમ દૈવી એ,
તમે આપ્યું વચન સાચું કરો સાંઈ હે !

ચિતા ચિંતાની કરો, હોળી દિવાળીમાં
ફેરવો છો વિરહ મિલને રણ વળી રસમાં;
સ્વલ્પ પ્રેમથકી પ્રસન્ન થતા તમે જાણ્યા,

કૃપાસાગર છે તમોને કહ્યા પરમાણ્યા.
કૃપાને ક્યાંથી વિસારું પ્રેમ દૈવી એ,
તમે આપ્યું વચન સાચું કરો સાંઈ હે !

કલ્પવૃક્ષ થકી કદીયે કોણ થાય નિરાશ ?
કામધેનુ મળ્યે મનોરથ પૂર્ણ થાય ન ખાસ?
તમારો મહિમા જગતમાં ખૂબ વખણાયે,
પ્રેમમાં 'પાગલ' બનીને લોક કૈં ગાયે.
કેમ મહિમાને વિસારું પ્રેમ દૈવી એ,
તમે આપ્યું વચન સાચું કરો સાંઈ હે !

માત તાત ગુરૂ તમે પરબ્રહ્મ છો સાચા,
કરી રક્ષા સદા મારી સુણાવી વાચા ;
વિખૂટાંને મિલાવો ને આશ પૂર્ણ કરો,
સિદ્ધ સાંઈ, હાથ જોડી સ્તવું, શાંતિ ધરો.
પળેપળ પ્રકટો વહાવો પ્રેમ દૈવી એ,
તમે આપ્યું વચન સાચું કરો સાંઈ હે !

* * * * *

## ૪૯. મારાં બધાં કાર્યોમાં

મારાં બધાં કાર્યોમાં તમારી મદદ માંગું છું
તમારો દિવ્ય આઠે પ્રહર આશિર્વાદ માંગું છું. ... મારાં

તમારું સ્મરણ અંતરમાં અંખડપણે ભલે ચાલે,
તમારા ભાવનાં ફૂલો ભલે હરરોજ ને ફાલે;
ખરે ઉપકાર માનું કે તમારામાં જ જાગું છું ... મારાં

તમારો સાથ ને સહકાર જીવનમાં મળી જાયે,
કમી શી ધન્યતાની, કૃપાની વર્ષા સદા થાયે;
તમારી છત્રછાયા મધુર તેમજ હૂંફ માંગું છું ... મારાં

હશે ચિંતા પછી કૈ ના તમારા દિવ્ય સહવાસે,
તમારી શુભાશિષથી દર્દ ભય ને સંકટે નાસે;
થઇ 'પાગલ' પગે હૈયા થકી દરરોજ લાગું છું ... મારાં

* * * * *

## ૫૦. કૃપાનો થાઓ જયજયકાર

કૃપાનો થાઓ જયજયકાર (૨)

પ્રેમીજન પર પ્રેમ તમારો, વરસો ધારેધાર;
જીવનમાં ડગલે ને પગલે ધરો વિજયની માળ ... કૃપાનો

મુસીબતોને મારી ચિંતા ને પીડાથી પાર;
સદા કરી દો શરણાગતને સ્વર્ગ કરી સંસાર ... કૃપાનો

વસંત પાનખરે પ્રગટાવો, રણને કરો રસાળ;
દિવાળી કરી દો હોળીની, નિત્ય કરો ઉધ્ધાર ... કૃપાનો

અંધકારમાં અટવાતાંના પ્રકાશ હો તત્કાળ;
એકલદોકલના સાથી હો તેમ બનો રખેવાળ ... કૃપાનો

મુંઝાયે ના ભક્ત કદીયે, કરજો રોજ વિચાર;
'પાગલ' ને અપનાવો, આવો, હવે કરો ના વાર ... કૃપાનો

* * * * *

## ૫૧. ડુંગર દુઃખના છોને પડે

ડુંગર દુઃખના છોને પડે, તારું અંતર કેમ રડે ? ... ડુંગર

શરણ લઇ લે સંતપ્રભુનું તો ચિંતા બધીયે ટળે;
દર્દ દાવાગ્નિ દૂર બને ને ગ્રહ ના કદીયે નડે ... ડુંગર

ભારે ભેખડ પડે, ઘોર ગર્જના વડે વંટોળે ચિત્ત ચડે;
સંતની હોય શુભાશિષ તો ના આફત લેશ અડે ... ડુંગર

આંસુના સાગર શાંત બને ને હેતુ સમસ્ત સરે;
બંધ થયા હો મારગ તોયે ધાર્યો માર્ગ જડે ... ડુંગર

અનુભવની આ વાણી કહી છે, કૈં ન અશક્ય ખરે;
'પાગલ' પ્રભુનો પ્રેમી થા તું, શોકમાં શાને સડે ? ... ડુંગર



* * * * *

## પર. સાંઈનાથ મારો હાથ

સાંઈનાથ મારો હાથ જોજો કો’દી ના છોડો.
ભૂલેચૂકે મારો સાથ જોજો કો’દી ના છોડો. ... સાંઈનાથ

જીવન ધર્યું તમોને મેં તો, ને આધાર નથી બીજો કો’;
તમારો દૈવી દ્રષ્ટિપાત, જોજો કો’દી ના છોડો ... સાંઈનાથ

લાગી માયા એક તમારી, કીધી તેથી તો મેં યારી;
સંભાળો તો મારી જાત, જોજો કો’દી ના છોડો ... સાંઈનાથ

ભક્તો હશે તમારા કોટી, કરશો મુજને પણ ના ખોટી;
મારે એક તમે સાક્ષાત, જોજો કો’દી ના છોડો ... સાંઈનાથ

મારે માતાપિતા ને ભાઇ, સ્નેહી તેમ સખા છો સાંઈ;
મારા પગ મસ્તક ને હાથ, જોજો કો’દી ના છોડો..સાંઈનાથ

'પાગલ' પ્રેમી થયો તમારો, પાળ્યો તેમ સદાયે પાળો;
રક્ષો રોજ હજારે હાથ: જોજો કો’દી ના છોડો ... સાંઈનાથ

* * * * *

## ૫૩. દયાળુ છો તમે તો તો

દયાળુ છો તમે તો તો દયા આ દીન પર કરજો.
કૃપાળુ છો તમે તો તો કૃપાની લહાણને ધરજો ... દયાળુ.

હજારો ભક્ત ગાયે છે તમારા નામને નેહે,
સ્તવે પૂજે તમોને દેહધારી માનતાં દેહ;
સ્તવન મારું ગણી મોટું જરી તો ધ્યાનમાં ધરજો,
અમીદ્રષ્ટિ કરી જલદી વ્યથા ને ક્લેશ સૌ હરજો ... દયાળુ.

કથા તમને કહું શી હું, હૃદયની વાત જાણો છો,
થવાનું ના થવાનું ભેદ વિધિના સૌ પ્રમાણો છો;
કરો ઈચ્છા બધી પૂરી, અરજ આ ધ્યાન પર ધરજો;
તમે આપ્યું વચન પાળી હૃદયને રંગથી ભરજો ... દયાળુ.

નિરાશ બને તમારા ભક્ત 'પાગલ'ના જરી જો જો;
હસે હસજો રડે તે તો તમે સાથે સદા રોજો;
તમારો જે થયો તેને તમે પણ વહાલથી વરજો,
મહીની મહાયાત્રામાં નિરંતર તારતાં તરજો. ... દયાળુ.

* * * * *

## ૫૪. તમે મારું કરશો પાર જહાજ

તમે મારું કરશો પાર જહાજ.

થાયે ડગમગ, હાલે રગરગ, આવે ઘોર અવાજ;
શ્રધ્ધા મારી તોય ન તૂટે, કેમે કરતાં આજ ... તમે.

ગરજે ઘોર તરંગો ભારે, વાજે વાયુ પખાજ;
ચારે કોર તિમિરદળ છાયાં, વર્ષા કરતી કાજ ... તમે.

ઘડી ગમે તેવી છો આવે, લેશ મને ના દાઝ;
સલામત તમારા હાથમહીં સદાયે મારી લાજ ... તમે.

આંસુ નથી કૈં ક્લેશ ન મારે, હે મારા શિરતાજ !
'પાગલ' કરો જરૂર કિનારે, આજે ગરીબનિવાજ ... તમે.

* * * * *

## ૫૫. સાંઈ, સર્વસમર્થ તમે


સાંઈ, સર્વસમર્થ તમે.

કૃપા તમારી અમૃતસરખી, તરસ્યા છેક અમે;
કર્તવ્યતણો વિચાર કરજો, ચરણે ચિત્ત રમે.... સાંઈ.

સર્વજ્ઞ તમે કરો કૃપા તો, શંકા સર્વ શમે;
આપો આશીર્વાદ ન મનડું, બીજે ક્યાંય ભમે. ... સાંઈ.

વ્યાપક વિશ્વમહીં છો જાગ્રત, દિન ને રાત તમે;
સર્વસ્થળે કાળે સંભાળો, આવ્યા શરણે અમે ... સાંઈ.

'પાગલ' પ્રેમી કૃપા કરો તો, સુખ ને શાંતિ જમે;
રૂપ તમારું તેમ તમારું, મુજને સર્વ ગમે. ... સાંઈ.



* * * * *

## ૫૯. યાદ તમારા વિના કરું શું ?

યાદ તમારા વિના કરું શું ?
શું યાદ તમારા વિના કરું હું ?

ઊઠી પ્રભાતે પ્રથમ તમારા
ચરણોમાં પ્રણિપાત કરું છું;
શ્રધ્ધાના બે શબ્દ સુણાવી
પ્રેમતણાં બે પુષ્પ ધરું છું ... યાદ.

તમે જ મારાં સ્વજન હિતેચ્છુ,
માતપિતા ને ગુરૂ ગણું છું;
પાલક તારક ને ઉધ્ધારક,
ક્લેશ તમારા થકી હણું છું ... યાદ.

તમારા સમું કો' સંસારે,
તમને સ્વામી શ્રેષ્ઠ ગણું છું;
તન મન એક તમારા ભાવે
સત્ય કહું દિનરાત વણું છું ... યાદ.

'પાગલ' ના પ્રભુ કૃપાળુ છો તો
સ્તવન કરીને શાંતિ લહું છું;
જો જો ભૂલ ન થાય જરીયે
વંચિત કૃપા થકી ના રહું હું ! ...યાદ.

* * * * *

## ૫૭. રક્ષા કરશો રોજ તમે

રક્ષા કરશો રોજ તમે.
માની લીધું એમ અમે ... રક્ષા.

મનડું મારું સ્વરૂપ રસમાં, કરતાં સ્નાન રમે;
સંભાળ સદા લેશો તેની, કરતાં સ્નેહ તમે ... રક્ષા.

સ્મરણ તમારું સહજ થયું છે, બીજું કૈં ન ગમે;
કૃપાપિયૂષતણું પાન કર્યે સઘળા ક્લેશ શમે ... રક્ષા.

ભયંકર ભલે ભેખડ આવે, દિલડું દર્દ દમે,
શ્રદ્ધા છે કે વિજનમહીં યે રે'શો સાથ તમે ... રક્ષા.

ચિંતા મટી ગઈ છે મારી, પીડા પ્રાણ ખમે;
'પાગલ' આતમ અર્પણ કરિયો, વારંવાર નમે ... રક્ષા.

* * * * *

## ૫૮. શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું

શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું,
હવે તમે વાર કરો છો શું? ... શ્રદ્ધા

સર્વસમર્થ તમોને માની
ધ્યાન ધરી રહ્યો હું;
જે ધારો તે સર્વ કરી શકો,
આશા મરી ના હજુ ... શ્રદ્ધા

નાવડું ડગમગ ડોલે છે મારું,
ગરજે છે આભ ઘણું;
ઉઠે ઉત્તુંગ તરંગ ચોપાસ,
તોયે ના દુઃખ ગણું ... શ્રદ્ધા

લાંબો પ્રવાસ ને સાથ ના કોઈ,
હિંમતે આગે બઢું;
રાતના પડછાયા પડતાં છતાંયે
શોકથી ના જ રડું ... શ્રદ્ધા

આધાર એક તમારો છે મારે,
આવોને વ્હારે હજુ;
'પાગલ' પ્રેમને નાતે કરી છે
અરજી મેં આજ રજુ ... શ્રદ્ધા

* * * * *

## ૫૯. તમારુ શરણું જે લે છે

તમારું શરણું જે લે છે
તેને ચિંતા ક્યાં રે' છે ?

સંકટ ભલે હજારો આવે,
તાપ ભલેને લાખ તપાવે;
છોને કોટિ ક્લેશ સતાવે;
ડર ક્યાં કોઇનો રે' ... તમારું

નાખો આંસુ ભક્તનાં ધોઇ;
ઘા રાખો કાયમ ના કોઇ;
ઝંખે પ્રેમે તમને કોઇ,
તેને પીડા ક્યાં રે' છે ? ... તમારું

મહિમા મોટો ખ્યાત તમારો,
શરણાગત સંભાળો તારો;
જે જન જન્મી થાય તમારો,
તેને બંધન ક્યાં રે' છે? ... તમારું

'પાગલ' ગુણને ગાય તમારા,
પ્રભુ, સર્વસ્વ તમે છો મારા;
સાર્થક કરશો શબ્દો તમારા,
શ્રદ્ધા એ જ સદા રે' છે ... તમારું

* * * * *

## ૬૦. તમારે મુશ્કેલ કશું ના

તમારે મુશ્કેલ કશું ના.

જે ધારો તે કરી શકો છો સત્ય કહું છું હા !
સર્વસમર્થ કહ્યા છે તેથી નાથ ચરાચરના ! ... તમારે

ખારો કૂપ કર્યો મિષ્ટ તમે, રંક કર્યા રાયા;
તેલ વિનાના દીપક બાળ્યા, કરો તમે શું ના ? ... તમારે

દ્રષ્ટિ અંધજનોને આપી એમ ગવાયે કથા;
અસાધ્ય દર્દ મટાડ્યાં કૈંનાં, મૃતને પ્રાણ ધર્યાં ... તમારે

ચિંતા ટાળી, ક્લેશ શમાવ્યા, ઉજ્જવળ માર્ગ કર્યા;
શરણાગતને પ્રેમે પાળ્યા, કૈં ભંડાર ભર્યાં ... તમારે

મારે માટે કેમ સુકાઇ આજ ગઇ કરુણા ?
સફળ કરી દો ઇચ્છા મારી, લેશ રહે ના મણા ... તમારે

* * * * *

## ૬૧. આશા મારી પૂર્ણ કરી દો આજ

આશા મારી પૂર્ણ કરી દો આજ.
કેટકેટલા દિનથી ઝંખુ, પૂર્ણ કરી દો કાજ ... આશા.

મૂંગું મૂંગું રોતાં કરતો નિત્ય કરૂણ અવાજ;
કૃપા કરો તો વાગે મારે મંદિર ઝાંઝ પખાજ ... આશા.

તપ્ત હૃદયને શાંત કરી દો તેમ સજાવો સાજ;
પાર ઉતારો શીઘ્ર સલામત, ડગમગ થાય જહાજ ... આશા

પ્રકાશ કિરણે પ્રાણ ભરી દો, 'પાગલ'ના શિરતાજ !
શાંત કરી દો, ધન્ય કરી દો, હવે ગરીબનિવાજ ! ... આશા.

સાધારણ ઇચ્છા છે મારી, નથી માગતો રાજ;
શરણાગત છું, રહી તમારે હાથે મારી લાજ ... આશા.

* * * * *

## ૬૨. પાર ઉતારો હે પ્રભુ મારા !

પાર ઉતારો હે પ્રભુ મારા !

ભરદરિયે ભટકું છું આજે,
ગરજે જળની ધારા;
પકડી રાખી જતન કરીને,
મનોરથતણી માળા ... પાર ઉતારો

અશક્યને પણ શક્ય કરી દો,
ગાયે ભક્ત તમારા;
એ જ ભરોસો રાખી બેઠો,
જલતી અગણિત જ્વાળા ... પાર ઉતારો

વાળ ગણાય છતાં ન ગણાયે,
અપરાધ બધા મારા;
ખામી દોષ અનંત ખરે છે,
ગુણ ના કોઈ સારા ... પાર ઉતારો

નજર તમારા પર છે રાખી,
નિરાશ ન કરો પ્યારા;
'પાગલ'ના પ્રભુ વ્હારે આવો,
વરદાન લઈ ન્યારાં ! ... પાર ઉતારો

* * * * *

## ૬૩. પ્રભુતા તમારી પાળો

પ્રભુતા તમારી પાળો, પ્રભુજી મારા,
પ્રભુતા તમારી પાળો,

વનવગડામાં આજે ભમું ને અટવાઉં,
મારે એક તમારો સહારો;
હાથ પકડી મને માર્ગ બતાવો,
દયા કરીને ન્યારો ... પ્રભુજી.

'મારી કૃપા છે પછી ચિંતા શાની છે કહો,
ભય ક્યાં સારો નઠારો;
મારે ભરોસે જીવો, રક્ષા કરીશ હું તો'
વચન તમારાં વિચારો ... પ્રભુજી.

દોષો સામે ન જોશો, અપરાધી છેક હું તો,
તીખા તે તાપથી તારો;
તમે ના સામું જુઓ તો કોઈ ના સ્નેહી મારે,
પોતાનો માન્યો તેને પાળો ... પ્રભુજી.

કોઈ આધાર મારે અવર નથી હવે તો,
'પાગલ' પ્રાર્થે સંભાળો,
અમુલખ અવસર આવ્યો કોઈ કારણે એને
જો જો હવે ના હારો ... પ્રભુજી.

* * * * *

## ૬૪. દિવ્ય કૃપાને ઢાળો

દિવ્ય કૃપાને ઢાળો,
દયામય, દિવ્ય કૃપાને ઢાળો

માર્ગ ભર્યો અંધારે મારો,
અમૃતથી અજવાળો;
કંટક-કંકર દૂર કરી દો,
નૌકા મારી તારો ... દયામય.

રોજ પ્રભાતે કરું પ્રતિક્ષા,
વચન તમારું પાળો;
દીન પર દયા લાવો આજે,
મરતાને ના મારો ... દયામય.

'પાગલ' અંતર તલસે તેને
શીતળ સ્પર્શે ઠારો;
આધાર તમારો છે એકલ,
પોકાર સુણો મારો ... દયામય.

* * * * *

## ૬૫. ભક્તો પર સંકટ વરસે ત્યાં

ભક્તો પર સંકટ વરસે ત્યાં સુઈ જાવ છો કેમ ?
ક્લેશ તણા કંટકને કાપી માર્ગ કરો ના કેમ ?

'ખુલ્લે હાથે શરણાગત પર રોજ કરું છું રે'મ,'
વચન તમારાં ગયાં મરી શું, કેમ કરો ના પ્રેમ ?

બળ વિખ્યાત તમારું કેવું પરંપરાથી છે,
કૃપા તેમ કરુણાની વાતો ખૂબ ગવાઇ છે;

કેમ છતાંયે જોયા કરતા સ્નેહીના સંતાપ,
બોલો શાને લેશ તમે ના જપ્યે નિરંતર જાપ ?

તમારા વિના કોઇનો ના મારે છે આધાર,
નાખી દીધો તમારા જ પર મુજ જીવનનો ભાર;

'પાગલ' બાળક ઝંખે તેને જીવન દો તત્કાળ,
કોટિ કિરણને રેલાવી દો, દૂર કરો અંધાર.

* * * * *

## ૬૬. પત્થર પર બેસી

પત્થર પર બેસી, જોયા કેમ કરો દુઃખ તમે
સમાધિમાંહી પેસી જોયા કેમ કરો દુઃખ તમે ... પત્થર.

વારંવાર કરું પોકારો, પ્રાર્થના કરું ભાવે;
છતાં કેમ ના ઉત્તર આપો, જેમ ન હો પરદેશી ! ... પત્થર.

આંસુની ધારાઓ ચાલે અખંડ વેદન વ્હેતી;
મન મુંજાય કાય ને કંપે, ટકટક જોતા બેસી. ... પત્થર.

દયા ગઈ ક્યાં, પ્રેમ ગયો ક્યાં, કોમળતા ક્યાં ચાલી ?
વચન બધાં ક્યાં ગયાં તમારાં, કેમ રહ્યા છો રે'સી? પત્થર

એક પલકમાં દુઃખ હઠાવો, મનોરથ કરો પૂરા;
અશક્ય કૈં ના ખરે તમોને, 'પાગલ' લો આશ્લેષી... પત્થર.

* * * * *

## ૬૭. પત્થર ઊપર પાણી

પત્થર ઊપર પાણી,
જોજો થાય પ્રાર્થના મારી, પત્થર ઊપર પાણી.

હિંમત છે, ધીરજ શ્રદ્ધા છે, મક્કમતા પણ ભારી;
અરજી રોજ કરું અંતરની ગદ્‌ગદ્‌ ગાતાં વાણી ... પત્થર

શક્તિના સ્વામી છો સૌથી સમર્થ અંતરયામી;
નિરાશ કોઇને ય કરો ના, મહાન ધ્યાની દાની ... પત્થર

પ્રતીક્ષા કરું કૈંક કાળથી, સાચો ભાવ વહાવી;
બોલો ના ચાલો ના શાને, પામર હું તો પ્રાણી ... પત્થર

દયા થશે ના તો જીવનમાં કરમાઇ જશે ક્યારી;
તેથી કહું થશો ના કો'દી પત્થર ઊપર પાણી ... પત્થર

* * * * *

## ૬૮. સર્વસમર્થ તમે છો

સર્વસમર્થ તમે છો અમને ચિંતા શાની હોય,
ક્લેશ કષ્ટ કે પરિતાપ રહે કેમ વિપત્તિ કોય ?
મુંઝાવાનું હોય અમારે ભૂલેચૂકે કેમ ?
શાંતિ સોડમાં સદા તમારી, કરો અમારું ક્ષેમ ... સર્વસમર્થ

કૃપા તમારી વરસે એથી નથી અન્ય કો' લાભ,
સદા સલામત નાવ અમારું પડે ભલેને આભ;
સર્વસમર્થ તમે છો અમને ચિંતા શાની હોય,
નિરાશા વળી વેદન શાને પ્રેમ તમારો તોય? ... સર્વસમર્થ

ગુરૂ તમે છો માતપિતા ને જીવનના રખવાળ,
અમીનજર જો હોય તમારી કંપી જાયે કાળ;
'પાગલ' પ્રાર્થે એથી આજે આશીર્વાદ ધરો,
સર્વસમર્થ તમે છો એવી ઉક્તિ સત્ય કરો ... સર્વસમર્થ

* * * * *

## ૬૯. લઉં આધાર બીજાનો

લઉં આધાર બીજાનો કહોને દેવ, હું શાને ?
તમારો સાથ છે મુજને ફરું સાનંદ ના શાને ?
બની લાચાર લોચનમાં, નિરાશાને ભરી મનમાં,
નિરંતર આંસુ સારું કાં લઈને વેદના પ્રાણે ! ... લઉં

અનાથ સમો ફરું શાને જગતમાં આર્ત એકાકી,
તમારી હો કૃપા તો થાય સત્વર ફિકરની ફાકી;
સતાવે ક્લેશ ને ભય ના, રહે કોઈ સમસ્યા ના,
ધરાયે ધ્યાન કોનું મન મળ્યું જ્યાં તમારા ધ્યાને ! .. લઉં

તમારી હુંફ છે પૂરી, નથી શક્તિ પણ અધૂરી,
પછી કંગાલિયતનાં ગીત ગાતાં હું મરું શાને ? ... લઉં

તમારી હો કૃપાદ્રષ્ટિ સુધાની થાય તે વૃષ્ટિ,
તમારા સ્નેહથી મારી બને સ્વર્ગીય સૌ સૃષ્ટિ;
થઈ 'પાગલ' તમારા નેહમાં દિનરાત હું ન્હાઉં,
કમી ના કૈં પછી મુજને, કૃતાર્થ થઉં નહીં શાને ? ... લઉં

* * * * *

## ૭૦. મનુષ્યોયે વચન પાળે

મનુષ્યોયે વચન પાળે. તમે તો દેવ છો ત્યારે,
વળી છો પ્રકટ પરમાત્મા, તરત આવો હ્વે વ્હારે.. મનુષ્યો

દિવસ વીતી ગયા કૈંયે, યુગો જેવા ખરે થૈ ને;
તમારી રાહ જોવાયે, નિરંતર આંસુની ધારે ... મનુષ્યો.

નવી માળા લઈ નિશદિન, તમારી આશમાં બેસું;
વચનનું ધ્યાન રાખીને જગાવી ગીતને તારે ... મનુષ્યો.

તમે ના પાળશો વાણી, રહે શ્રદ્ધા પછી શાની;
તમોને કોણ ભજશે માનશે ને પૂજશે પ્યારે ? ... મનુષ્યો.

ન તલસાવો કૃપાળુ હ્વે, મને ના અન્ય કૈંય ગમે;
થઈ 'પાગલ' તમારા નેહમાં નવરાવશો ક્યારે?...મનુષ્યો.

* * * * *

## ૭૧. તમે હજી કેમ કૃપા ન કરી ?

તમે હજી કેમ કૃપા ન કરી ?
મારી આશ હજી ના ફળી ... તમે

પ્રતિપળ જુગના જેવી જાયે, જાયે આંસુ સરી;
પીડા પ્રાણતણી ના મટતી, સઘળી રોમ ભરી ... તમે

શ્રદ્ધા સતત લઇને બેઠો, આરતિ આર્ત કરી;
કઠોર કેમ થયા છો આજે આમ ફરી ? ... તમે

કોણ પૂજશે, કોણ માનશે યશની વાત ખરી ?
કોણ પ્રાર્થશે સત્વર લો ના સંકટ લેશ હરી ! ... તમે

કૃપા કરો તો પલકમાત્રમાં જઉં ત્રિતાપ તરી;
'પાગલ'ના પ્રભુ સિંધુમાંથી વરસો બિંદુ જરી ... તમે



* * * * *

## ૭૨. તમે સર્વસમર્થ ખરે

તમે સર્વસમર્થ ખરે.
સિદ્ધિના સ્વામી છો સાચા, કૈં ય કમી ન મળે. ... તમે.

આધાર તમારો લે તેને, ઈપ્સિત વસ્તુ મળે;
મનારથ બધા થાય સફળને, ચિંતા ક્લેશ મરે. ... તમે.

અશક્ય કૈં ન તમારે માટે, પાણી પહાડ તરે;
અંધ જુએ, મૂંગો બોલે ને, મૃતને પ્રાણ મળે. ... તમે.

દેવ અન્ય કો-દર્દ જીવનાં, સત્વર કોણ હરે;
તમારું કૃપાબિંદુ સાંપડ્યે, સિદ્ધિ સર્વ વરે. ... તમે.

મહિમા સુણ્યો તમારો એવો, મિથ્યા કેમ ઠરે;
બેસી કેમ રહ્યા છો હજુયે, 'પાગલ' બાલ મરે ! ... તમે.

* * * * *

## ૭૩. તમે હજુ શાંત બેઠા કેમ ?

તમે હજુ શાંત બેઠા કેમ ?
કરો ના સ્વલ્પ શાને રે'મ ? ... તમે.

સ્થિર નયને નિહાળો છો દર્દ નિર્દય જેમ,
સમર્થ છતાં કૈં ન કરતા, થયા ટાઢા હેમ ... તમે.

કષ્ટ શિશુનાં માત તેમજ તાત દેખે કેમ,
કેમ દેખી દુઃખ હજુયે ના કરી દો ક્ષેમ ... તમે.

સ્તવે તમને કોણ ગાયે ગીત આમ સપ્રેમ,
તે છતાં નગુણા થયા છો મને લાગે એમ ... તમે.

ગઈ વેળા ઘણી વીતી જિંદગી યે તેમ;
હવે તો પૂરી કરી દો આજ મારી નેમ ... તમે.

* * * * *

## ૭૪. ધાર્યું બિરુદ મહાન તમે

ધાર્યું બિરુદ મહાન તમે.
કરુણાસિંધુ પતિતપાવન ને કૈંક સાંભળ્યું એમ અમે ...ધાર્યું.

કહ્યું તમે કે મનડું જેનું ચારૂ ચરણમાં લેશ રમે,
તેની સંભાળ તમે રાખો, કૈંક સાંભળ્યું એમ અમે. .... ધાર્યું.

સમર્થ શરણાગત વત્સલ છો, દયાનિધાન અનન્ય તમે;
પરમતત્વ છો જેને માટે, કૈંક તપે ને દેહ દમે. ... ધાર્યું.

સત્ય કરી દો વાત બધી એ, તમારા વિના કૈં ન ગમે;
'પાગલ' પ્રભુ વાર કરો ના, હૈયું વધુ ના દર્દ ખમે ... ધાર્યું.

* * * * *

## ૭૫. સંસારના જનકપાલક છો તમે

સંસારના જનકપાલક છો તમે,
વ્યાપ્યા ચરાચરમહીં પ્રભુ સર્વના છો;
ઈપ્સિત ભક્તજનને સ્મિતસાથ આપો,
સાંઈ પ્રભો, સકળ સત્વર કષ્ટ કાપો !

દૈવી અનંત અવિનાશી વળી અજન્મા
વેદે સ્તવ્યા અતિપુરાણ કહી નિયંતા;
ઈપ્સિત ભક્તજનને સ્મિતસાથ આપો,
સાંઈ પ્રભો, સકળ સત્વર કષ્ટ કાપો !

ગાઈ શકે ન મહિમા કદિ કો’ તમારો,
માપે વિશાળ નભ મચ્છર શું બિચારો;
તોયે કરેલ સ્તુતિના પર લક્ષ આપો,
સાંઈ પ્રભો, સકળ સત્વર કષ્ટ કાપો !

છો પ્રેમમૂર્તિ, વરસો નિજ પ્રેમપાણી,
ને છો દયાળુ મમતાવળુ અખંડ દાની;
દૈવી કૃપાતણું ખરેખર દાન આપો,
સાંઈ પ્રભો, સકળ સત્વર કષ્ટ કાપો !

આધાર એક જગમાં પ્રભુ છે તમારો;
બીજો ગણ્યો સ્વપ્નમાં પણ ના સહારો;
ના યોગ્યતા પ્રતિ જુઓ બસ ભાવ માપો,
સાંઈ પ્રભો, સકળ સત્વર કષ્ટ કાપો !

હો સ્વલ્પ ઋણ પણ તેય અદા કરે છે,
લેનાર પૂર્ણ ઉપકાર ગણી ભરે છે,
ગીતોનું ઋણ પણ વ્યાજ સમેત આપો,
સાંઈ પ્રભો, સકળ સત્વર કષ્ટ કાપો !

* * * * *

## ૭૬. કેમ કૃપાળુ તમે કહેવાયા ?

કેમ કૃપાળુ તમે કહેવાયા ?

શરણાગત પ્રતિપાલક તેમજ,
અધમોદ્ધારક કેમ મનાયા ?
કૃપા કરીને તારો મુજને,
દીનબંધુ કહો કેમ ગણાયા ? ... કેમ

પ્રેમ કરી અપનાવો આજે,
પ્રેમસિંધુ છો કેમ ગવાયા;
શાંતિ ધરી દો શાંતિપ્રદાયક
શાસ્ત્રમહીં સર્વત્ર કહાયા ... કેમ

મહિમા મોટો માની આવ્યો,
કરી દો હવે સત્વર દયા;
'પાગલ' પ્રભુ ના તલસાવો,
કરમાઈ છે છેક જ કાયા ... કેમ

* * * * *

## ૭૭. સાંઈનાથ તમારું નામ

સાંઈનાથ તમારું નામ કેવું જાદુભરેલું છે !
પ્રેરક તેમજ પાવન નામ સ્વાદુ સુધાછલેલું છે !

આપે અંતરને આરામ, કાપે કષ્ટ કરાળ તમામ;
ચિંતાનાશક મંગલ નામ એવું પ્રાણભરેલું છે !

સુણતાં વેંતજ હૈયું હાસે, રગરગ રમતી રસને રાસે;
પીએ જીવન દૈવી જામ: એવું રંગભરેલું છે !

એમાં આનંદ ભર્યો, પૂરો, મૂકે પીડાની પર પૂળો;
નિર્ધન તેમ ધનીનું ધામ: એવું પુણ્યભરેલું છે !

બે અક્ષર પણ કેવા મીઠા, ભક્તે એમાં વેદ જ દીઠા;
તેમાં મળિયાં તીર્થ તમામ: એવું કીર્તિભરેલું છે !

એનો આધાર લઈ લેતા, એને સાધન ના કૈં રે'તાં;
થાયે એનાં સઘળાં કામ, એવું મધુભરેલું છે !

'પાગલ' નામતણો રસ પી તું, મુશ્કેલ રહે તો જગમાં શું ?
રટવું નિત્ય નિરંતર નામ: એવું જાદુભરેલું છે !

* * * * *

## ૭૮. અજબ તમારાં કામ

અજબ તમારાં કામ, સાંઈ, અજબ તમારાં કામ

સાધારણ માનવ શેં સમજે, દિવ્ય તમારાં કામ;
સાધારણ માનવ શેં સમજે અજબગજબ શા કામ! ...અજબ

અશક્યને પણ શક્ય કરી દો, આપો ધન ને ધામ;
રણમાં વન નભમાં ફૂલ કરો, રચો શૂન્યમાં ઠામ ... અજબ.

રોગ હરો ને ભોગ ધરો છો, પાવ પ્રેરણાજામ;
સિદ્ધિ દો દર્શન દો લેતાં નેહ કરીને નામ ... અજબ.

કલ્પવૃક્ષ છો, કામધેનુ છો, સૌના આતમરામ;
'પાગલ' પ્રેમી શરણાગતની લો સંભાળ તમામ ... અજબ.



* * * * *

## ૭૯. તમારા દિવ્ય દર્શનની

તમારા દિવ્ય દર્શનની, લગન જેને ગઈ લાગી,
સુખી તે તો થયા સાચા, થયા છે તે જ બડભાગી.

તમારા વહાલની વીણા, ગઈ જેને હૃદય વાગી,
થયા તે ધન્ય જીવનમાં, તમારા એક અનુરાગી.

તમારું જે રટણ કરતા, સ્મરે તમને સદાયે જે,
જતા જડતામહીંથી એ, સદાને કાજ જન જાગી.

ધરીને દેહ દુનિયામાં, રહે તમને જ જે માગી,
તમે પણ તેમને માટે, ખરે દેતા બધું ત્યાગી.

* * * * *

## ૮૦. શિરડી ગામે પ્રકટ થયેલાં

શિરડી ગામે પ્રકટ થયેલાં તમે ખરે પરબ્રહ્મ જ આપ,
બ્રહ્મા જેનું ધ્યાન ધરે ને કરે જેમના જોગી જાપ;

વેદમહીં વિખ્યાત યશસ્વી, ધર્મતણા ધરનાર વળી,
કરું તમારી આજ પ્રાર્થના નમી નમીને ફરીફરી.

નથી પ્રાર્થનાની ગમ કૈં યે, શક્તિ કે બુદ્ધિ ન જરી;
પ્રશંસકો ભક્તો લાખોમાં મારી ગણના કૈં ન વળી;

છતાં પ્રેમથી પ્રેરાઈને સ્તવન તમારું આજ કરું,
લાખ તમારે પરંતુ હું તો તમારા થકી શ્વાસ ધરું.

તમારે નથી કમી સ્તવનની, પ્રાર્થનાતણી પ્યાસ નહીં;
પ્રેમી પણ નિજ ભાવ વહાવ્યા વિના કદી ન શકે જ રહી;

અંતરના અર્ણવમાં ઊઠે અનેકરંગી કૈંક તરંગ,
અર્પણ કરે તમોને તે તો અનુરાગ ભરી અંગેઅંગ.

સાધારણ આ એક તમારા પ્રેમીજન પર કૃપા કરો,
કરુણાધાર તમારી તેના રોમરોમને સદા ભરો;

'પાગલ' પ્રેમીને અપનાવો એજ પ્રાર્થના મારી આજ,
સર્વસમર્થ, તમારે કાજે કોઈયે ના દુષ્કર કાજ.

* * * * *

## ૮૧. શિરડીના સંતની તું

શિરડીના સંતની તું સેવા કરી લે !
સેવા કરી લે, ભાવભક્તિ કરી લે !
શિરડીના સંતની તું સેવા કરી લે !

નેહ કરી એનું જરી નામ જ લઈ લે,
પ્રાર્થનાની પુષ્પમાળા પાયે ધરી દે;
વંદન કરી લે તું, સેવા કરી લે !
શિરડીના સંતની તું સેવા કરી લે !

શ્રદ્ધા સબૂરીને સેવી લે સ્નેહથી,
બોજ બધો જીવનનો નાખી દે નેહથી,
નિર્ભય બની લે તું; સેવા કરી લે !
શિરડીના સંતની તું સેવા કરી લે !

તાપ બધા ટાળનાર શીતળ છે વૃક્ષ એ,
તૃષાને મટાડનાર અમૃત છે દિવ્ય તે;
શરણું લઈ લે તું, સેવા કરી લે !
શિરડીના સંતની તું સેવા કરી લે !

સંભાળ તારી એ સર્વપણે રાખશે,
દુઃખ તેમ દીનતાને નષ્ટ કરી નાખશે;
રે'શે અશક્ય પછી શું ? સેવા કરી લે !
શિરડીના સંતની તું સેવા કરી લે !

જીવન વેગે તારું જોને વહી જાય છે,
કરવાનું કામ તારું ખરું રહી જાય છે;
જાગને જરીય હજી તું ! સેવા કરી લે !
શિરડીના સંતની તું સેવા કરી લે !

* * * * *

## ૮૨. દર્શન કરી તમારું

દર્શન કરી તમારું મુજને આનંદ ઘણો થાય,
હિલોળે ચઢે હૈયું મારે મલકાટ ન માય.

રૂપ તમારું કેવું સુંદર, શીતળ આંખો થાય,
જોતાંવેંત જ દુઃખ ટળે ને ચિંતા નાસી જાય.

મિલ્કત કોઈ મળી ગઈ હો મોટી લાગે એમ,
કૃતાર્થતા અંતરની મારી કહી બતાવું કેમ ?

મંગલ મૂર્તિ જોઈ મુજને થાય ખાતરી એમ,
મળવા જેવું મળી ગયું છે, હતી જેહની નેમ.

શિરડીના ઓ સાંઈ, તમને જોઈ મુજને થાય,
રૂપ તમારું છોડી મારું મનડું ક્યાંય ન જાય !

* * * * *

## ૮૩. સાંભળી મારો પોકાર

સાંભળી મારો પોકાર પ્રેમ કરી આવજો,
પ્રેમ કરી આવજો, વિલંબ તજી આવજો ... સાંભળી.

દુઃખદર્દ ટાળજો ને ક્લેશ બધા કાપજો;
અંધારા અંતરનું આંગણ અજવાળજો;
સુરતાનો સાંપડતાં તાર, પ્રેમ કરી આવજો ! ...સાંભળી.

પ્રાર્થનાનો ઉત્તર તત્કાળ તમે આપજો,
સ્તુતિ મારી સાંભળીને ભાવ ઘણો માપજો,
મોટીમોટી ભરી ભરી ફાળ, પ્રેમ કરી આવજો ! ...સાંભળી.

મારે માટે તમારી બાજી બધી હારજો,
માની તમારો મને સર્વપણે તારજો;
આપજો અહર્નિશ આધાર! પ્રેમ કરી આવજો ! ... સાંભળી.

* * * * *

## ૮૪. લગની તમારી મને લાગી

લગની તમારી મને લાગી,
ઓ સંતોના સ્વામી ! લગની તમારી મને લાગી !

મહિમા તમારો જાણી મન મારું માન્યું,
સુરતા સુતેલી મારી જાગી ... ઓ સંતોના સ્વામી !

નેત્રો નેહે નાહીને નિહાળે તમોને હવે,
બની ગયો આત્મા અનુરાગી ... ઓ સંતોના સ્વામી !

તમારા જ સ્મરણે લાગે સ્વર્ગ સમાયું સારું,
વીણા વહાલકેરી વાગી ... ઓ સંતોના સ્વામી !

ખાતાંપીતાં ને સૂતાં તમારા જ જાપ ચાલે.
ચિંતન બીજું દીધું છે ત્યાગી ... ઓ સંતોના સ્વામી !

કૃપાની પ્રસાદી પામી કૃતાર્થ થઈ જઉં હું;
લીધું છે મેં માગી ... ઓ સંતોના સ્વામી !

* * * * *

## ૮૫. ગમે તેટલા કર્યા હો

ગમે તેટલા કર્યા હો અપરાધ મેં,
ઉદાર તમારું દિલ ક્ષમાવાળું છે;
પ્રેમથી જ પુલકિત તમારો તો પ્રાણ,
આશા મને છે કે કરશો સદા કલ્યાણ.

ચંચળ છે ચિત્ત ઘણું, વિહરે રમે,
ચરણ છોડી તમારાં અન્યત્ર ભમે;
કૃપાળુ તમે છો તેને કરી દેશો ઠીક,
એવી શ્રદ્ધાથકી મારી નાસે બધી બીક.

ગમે તેટલી કમી છો મારામાં રહી,
ગુણ તેમ ભાવતણો છાંટો ના કહી;
તમારો થયો છું તેથી કરી દેશો પાર,
મારી માની લેશો તમે તમારી જ હાર.

અંતરમાં અનુરાગ યુગોથી ભર્યો,
પ્રાણ મારો તમારા જ રૂપમાં ઠર્યો;
સુંદર ધરીને મળો મુજને સ્વરૂપ,
તે ઘડીએ બની જઉં ભૂપનોયે ભૂપ.

ગમે તેટલી બુરાઈ મારામાં ભરી,
'પાગલ' થૈ અંજલિ મેં તમને ધરી;
પતિતપાવન ધર્યું તમે જે દિ' નામ,
તે દિવસે મળી ગયું મુજને તો ઠામ.

* * * * *

## ૮૬. આ ત્રિભુવનમાં

આ ત્રિભુવનમાં છે કોણ તમારા જેવું, સુંદર ને સમર્થ એવું ?

કોના પ્રાણમહીં પ્રેમ ભર્યો, કોણે સેવાનો ભેખ ધર્યો,
છે કોણ ભક્તને કાજે જીવે તેવું, સુંદર ને સમર્થ એવું ?

જોઈને દુઃખદરદ દ્રવતું, પીડા પેખીને પીગળતું,
ના અન્ય મળે એકેય તમારા જેવું, સુંદર ને સમર્થ એવું

રિદ્ધિસિદ્ધિ સેવે તમને, એથી રક્ષો નિશદિન અમને;
નિઃસ્વાર્થ નથી કોઈ કરનારું તેવું, સુંદર ને સમર્થ એવું.

'પાગલ' તો ચાહે કેમ નહીં, પૂજે ઉર ધારી કેમ નહીં ?
સેવો મુજને ને હુંય નિરંતર સેવું, સુંદર ને સમર્થ એવું.

* * * * *

## ૮૭. બતાવો બળ

બતાવો બળ બળવાન, તમારું.
ચાલે જોર ન કૈંય અમારું; ... બતાવો.

ચારેપાસ તિમિરદળ છાયાં, રાત કરે રખવાળું;
ચપલા ચમકે, વાદળ ગગડે, દિવ્ય કરો અજવાળું...બતાવો

વનની વાટ વિજન ને વસમી, સાથ ન કોઈ ભાળું;
પંથ ન સૂજે; શીતળ સ્પર્શે તોડો ઉરનું તાળું ... બતાવો.

સત્ય પ્રેમ પ્રાણમહીં ભરિયો, તેથી હું પોકારું;
સાધન છોડી દીધાં બીજાં, અશ્રુ એકલ સારું ... બતાવો.

વહી જાય અવસર તે પહેલાં કરતાં સ્મિત માયાળુ,
આવો વ્હારે; ભવોભવલગી ના ઉપકાર વિસારું ... બતાવો.

* * * * *

## ૮૮. દર્શન આપી દો

મુજને દર્શન આપી દો, ના નુકશાન તમોને તો !

સર્વસમર્થ તમે છો ત્યારે, કષ્ટો કાપી દો;
જીવનમાં મધુતારસ રેલો, વિચાર એમાં શો ? ... મુજને

હૃદય તમોને મળવા માગે, વિરહ મટાડી દો;
ગાય પછીથી રગરગ મારી, અભિનવ રાગે હો ! ... મુજને

સ્વર સાંભળવા માગું મીઠા, આજ સુણાવી દો;
જાગે અંગનું અણુઅણુ મારું શીતળ સ્પર્શે છો ! ... મુજને

કર્તવ્ય કરું કવિતા કરતાં, મમતા માપી લો;
તમેય પ્રેમ તમારો ઢાળો, વિલંબ એમાં શો ? ... મુજને

* * * * *

## ૮૯. સાંઈ અરજ કરી

સાંઈ અરજ કરી મેં આજે,
જોજો કીર્તિ તમારી લાજે !

તમારા વિના કોણ કહોને,
મારો સુણે અવાજે ?
નવાજો નહીં મુજને નેહે,
કોણ જ અન્ય નવાજે ? ... સાંઈ.

સાચા દિલની કરી પ્રાર્થના,
સુણવી સત્વર છાજે;
કરી પ્રતિજ્ઞા પૂર્ણ તમે તો,
નિજ પ્રેમીને કાજે. ... સાંઈ.

અંતર્યામી મૂર્તિ તમારી,
મારા મનમાં રાજે;
ગૌરવનાં ગીત તમારાં કૈં,
મુજ અંતરમાં ગાજે. ... સાંઈ.

પોષણ પામું તમારી કૃપા-
તણા સુસ્વાદુ અનાજે;
રક્ષા કરો, તમારો બાળક
દવ વચ્ચે ના દાઝે ! ... સાંઈ.

* * * * *

## ૯૦. તમારા ભક્તોને

તમારા ભક્તોને સંકટ ના આવે !
જોજો તાપ ન લેશ તપાવે.
કોઈ ચિંતાયે ન સતાવે; ... તમારા.

સૌની સંભાળ સદા રાખો,
કષ્ટો કાયમ કાપી નાખો;
સૌયે જીવન પૂર્ણ મનાવે. ... તમારા.

ઢાળો દિવ્ય કૃપાની ધારા,
આપો શાંતિ તથા સુખ ન્યારાં;
બેસે સૌ મુક્તિને નાવે. ... તમારા.

સૌની ઉન્નતિ હો હરકાળે,
હો ના પંથ કરાળ લગારે;
દોરો સૌને નિશદિન ભાવે. ... તમારા.

ગાયું ભાવભક્તિને દાવે,
જોજો ક્લેશ કઠોર ન ફાવે; ... તમારા.

* * * * *

## ૯૧. હે દેવ પરમ હિતકારી

હે દેવ પરમ હિતકારી,
મારું હિત ગયા શું વિસારી !

હશે કરોડો ભક્ત તમારા, ગણના છો ના મારી;
મારે તો પ્રભુ એક તમો છો, અતૂટ એવી યારી.
તનમન તેમજ અંતર દીધું ચારુ ચરણમાં ઢાળી ... હે દેવ.

તનથી પૂજું, મનથી પૂજું, પૂજું હૈયે ધારી;
વાણીથી ભક્તિરસ ચાખું, રૂપ તમારું ભાળી.
રોમરોમમાં રાગ ભરીને રાસ રમું છું ભારી ... હે દેવ.

'પાગલ' પ્રેમીને ના છોડો, નમ્ર પ્રાર્થના મારી;
હિતનું કામ કરી દો આજે ચિંતા શમવો સારી.
વાર વિપળની હવે કરો ના, કૃપા કરી દો ન્યારી ... હે દેવ.

* * * * *

## ૯૨. તમારા વિણ આ જગતમાં

દેવદેવી સિદ્ધ મુનિ ને તપસ્વી સ્નેહી ઘણા,
તેમ સ્વજન અનેક એવા, વડીલોની ના મણા;
સર્વ રીતે સુખદ દેતા શાંતિ કિન્તુ હેતથી,
તમારા વિણ આ જગતમાં ખરેખર કોઈ નથી.

દેશ તેમ વિદેશ જોયા, નદી ના નાળાં ઘણાં,
તેમ સાગર, ગામ ને પુર, પર્વતો એકાંતના;
તમારા જેવું, બરાબર, વાત છે સાચી કથી,
તમારા વિણ આ જગતમાં ખરેખર કોઈ નથી.

એટલે અંતરતણા અંતરથકી તમને સ્તવું,
રોમરોમે રાગ ભરતાં તમોને કેવળ કવું;
પ્રાણ પૂજે ને ભજે તમને બની રે'તા હઠી,
તમારા વિણ આ જગતમાં ખરેખર કોઈ નથી.

દુઃખ ચિંતા વેદના અંધારને ટાળો તમે,
સફળ આકાંક્ષા કરો, તમને જ પ્રાર્થીએ અમે;
તમોને ત્યાગી ઘડી ના ક્યાંય હો વૃત્તિ જતી,
તમારા વિણ આ જગતમાં ખરેખર કોઈ નથી.

* * * * *

## ૯૩. કૃપા કદી ના ખૂટે

તમારી કૃપા કદી ના ખૂટે,
એ તો અનંત ધારે છૂટે ... તમારી

મેઘ ગગનથી, અમી અન્નથી, તેજ સૂર્યથી ખૂટે;
જળ સૂકાઇ જાય સકળ, પણ કૃપાતાર ના તૂટે ... તમારી.

અનંત વરસોથી વરસે એ અનેક એને લૂંટે;
તો પણ એમાં ઓટ ન આવે, નવા ફુવારા ફૂટે ... તમારી.

દુ:ખ દીનતા દૂર કરે ને કોટિ ક્લેશને કૂટે;
એ જ કૃપાની આશા રાખું, કદી ન જો જો ખૂટે ... તમારી.

* * * * *

## ૯૪. તમારો મહિમા

તમારો મહિમા છે મોટો, એનો મળે નહીં જોટો ... તમારો.

પ્રેમ તમારો, દયાથકી આ મંદ હસે હોઠો;
પડે કદી ના કાળ તમારે કૃપાતણો તોટો ... તમારો.

અલૌકિક ખરે શક્તિ, તેનો ક્યાંય જડે જોટો ?
પરવરદિગાર, દાની, એ છે ખિતાબ ના ખોટો ... તમારો.

શરણ તમારું લીધું તેને કૈં ન રહ્યો તોટો;
શરણાગતની રક્ષા સારું રાખો છો સોટો ... તમારો.

* * * * *

## ૯૫. ઓ દેવ મારા

ઓ દેવ મારા, વરસો કૃપા છો !

પ્રેમસિંધુ ઉછળે મારે માટે તમારો,
એમાં ના ઓટ કદી હો;
આઠે પહોર રહો ભરતી ભલેને,
જીવનને ધન્ય કરી દો ! ... ઓ દેવ.

ટમકે આ તારલિયા, લાખલાખ લોચનિયે
દેખો મને એમ છો;
હુંયે તમારું ચારૂ રૂપ જ નિહાળું,
પલક પડે ના હો ! ... ઓ દેવ.

રજની સંગાથ રહે ચાંદલિયો તેમ તમે,
મારી સંગાથ સદા હો;
આવે અમાસ કદી મારે ના કિન્તુ,
અંગઅંગ અજવાળી દો ! ... ઓ દેવ.

કોઈ તમારા વિના મારું કે પ્યારું ના
જીવનમહીં મને હો;
હૈયામાંયે તમારા મારે માટેની
ભાવોર્મિને ભરી દો ! ... ઓ દેવ.

* * * * *

## ૯૬. સંત ન કેવળ માનું

તમને સંત ન કેવળ માનું.
અખિલ વિશ્વમાં વ્યાપક પૂરણ પરમાત્મા હું જાણું ... તમને

સિદ્ધિના સ્વામી, પ્રકૃતિના નાથ તમોને જાણું;
અશરીરી પણ શરીરધારી; પૂરણ કેમ વખાણું ? ... તમને

એ જ ભાવથી ગાઊં નિશદિન દિવ્ય તમારું ગાણું;
સમર્થ સ્વામી, તમને સેવી ઉજવું જીવન ટાળું ... તમને

* * * * *

## ૯૭. બાનાની પત રાખો

પ્રભુ મારા બાનાની પત રાખો.
મને સદા પ્રાણસમીપે રાખો ... પ્રભુ

જીવનમાં અંધારા આવે, રહ્યુંસહ્યું તે તેજ ન ફાવે;
પ્રકાશ ઢાળો, તિમિર હઠાવો, કૃપા કિરણથી લાખો ... પ્રભુ.

અંધાર ભરેલા મારગ પર વધવું પડે કદિક તો પ્રતિપળ;
કુસુમસમો પંથ કરો ત્યારે નજર કૃપાની નાખો ... પ્રભુ.

નિંદાના કટુ શબ્દ સુણાયે, સ્નેહીનાં હૈયાંય સુકાયે;
સ્વાગત હો ના ક્યાંય છતાં ના દ્વાર તમારું વાખો ... પ્રભુ.

હતાશ બનતાં હૈયું હારે, શ્રદ્ધા મરે હૃદયને ક્યારે;
સંકટ સમયે પણ એ ધીરજ હિંમતવાણી ભાખો ... પ્રભુ.

'પાગલ' પ્રાણ ચહે છે તમને, આરાધે પ્રતિપળ પૂર્ણપણે;
અમૃતપાન નિરંતર કરતાં સ્વાદ અલૌકિક ચાખો ... પ્રભુ.

* * * * *

## ૯૮. શિરડીનું તીર્થ

તીરથ શિરડી નામે એક.
એનો મહિમા મંગલ છેક ... તીરથ.

સાંઈનાથ સમર્થ રહે ત્યાં, એમાં ના અતિરેક;
જુદાજુદા લોકો જાયે ત્યાં, ભૂલી ભેદ અનેક. ...તીરથ.

દર્શનથી શાંતિ મળે સાચી, પ્રકટે પ્રેમવિવેક;
મેલ મનતણા મૃતપ્રાય બને, અંતર થાયે નેક. ...તીરથ.

ભાવના ફળે ભક્તોની ત્યાં, પ્રામાણિક એકેક;
ભાવિક જનની સફળ થાય છે, નાનીમોટી ટેક. ...તીરથ.

તીર્થશિરોમણિ મળ્યાં તીર્થ ત્યાં, જાણે દિવ્ય દરેક;
ધન્ય કરે જીવનને ત્યાંના મુખ્ય દેવતા એક. ...તીરથ.

* * * * *

## ૯૯. સદા કૃપા કરો

બાંધી શિરે સ્વચ્છ રૂમાલને જે,
બેઠા બની શાંત શિલાપરે છે;
તે દેવના દેવ અશાંતિને હરો,
રક્ષો મને તેમ સદા કૃપા કરો !

પ્રશાંત કેવા પ્રભુ છો પ્રભાભર્યા,
આવી તમારે શરણે ઘણા તર્યા;
ભક્તોતણા કોડ તમે બધા પુરો,
રક્ષો મને તેમ સદા કૃપા કરો !

નથી તમારાસમ દેવ કોઈ,
છો વેદમાં બ્રહ્મ કહેલ સોઈ;
અનેક રૂપે જગમાં તમે ફરો,
રક્ષો મને તેમ સદા કૃપા કરો !

છોડી તમોને કદિયે દઉં ના,
કો' અન્યની આશ વળી કરું ના;
આપેલ તો કોલ થશે ન કાં ખરો ?
રક્ષો મને તેમ સદા કૃપા કરો !

અનંતધારે કરુણા વહાવો,
ને પ્રેમના મુક્ત કરો ઝરાઓ;
દ્રષ્ટિ કરો, ધન્ય વિમુક્ત ને કરો,
રક્ષો મને તેમ સદા કૃપા કરો !

* * * * *

## ૧૦૦. નમસ્કાર મારા

નમસ્કાર મારા, હજારો નમસ્કાર મારા!
જેના દિલમાં પવિત્રતા ને પ્રેમતણી ધારા,
સદ્ ગુણથી શોભિત સંસ્કારી ભાવભર્યા ન્યારા;
પ્રણામ એવા સંતચરણમાં રાતદિવસ મારા!
નમસ્કાર મારા, હજારો નમસ્કાર મારા!

અમૃત આંજેલી આંખલડી તેમજ મધુરી વાણ,
મોટા-નાના ઉચ્ચ-નીચની જેને ન પડે જાણ;
વિનમ્ર વિનયી તેમ થયા જે ધૈર્યક્ષમાવાળા,
પ્રણામ એવા સંતચરણમાં રાતદિવસ મારા!
નમસ્કાર મારા, હજારો નમસ્કાર મારા!

પરહિત માટે જીવન જેનું જેની છે કાયા,
પ્રભુના વિના ન કોઇ સાથે કરનારા માયા;
ચઢાવતા જે પ્રતિપળ પ્રભુને ભાવતણી માળા,
પ્રણામ એવા સંતચરણમાં રાતદિવસ મારા!
નમસ્કાર મારા, હજારો નમસ્કાર મારા!

પ્રભુમય એ સંત કરો નિશદિન મંગલની ધારા,
પ્રેમફુવારા ઉડો તેમના રોમરોમ મારા;
પોતાનાશો મને બનાવો તે પ્રભુના પ્યારા,
પ્રણામ એવા સંતચરણમાં રાતદિવસ મારા!
નમસ્કાર મારા, હજારો નમસ્કાર મારા!

* * * * *

## ૧૦૧. એવા ગુરૂને પદે

એવા ગુરૂને પદે મારી પ્રીતિ હજો !
કુણાં કાળજાની કોરે એનું આસન થજો ! ... એવા.

જે છે પરબ્રહ્મના જ સ્વરૂપ સમા,
વ્યાપ્યા વ્યોમધરા, આખા બ્રહ્માંડમાં;
એવા ગુરૂને પદે મારી પ્રીતિ હજો !
કુણાં કાળજાની કોરે એનું આસન થજો ! ... એવા.

એને માત કહું, એને તાત ગણું ?
સ્નેહી, મિત્ર, સખા કહું, ધન કે ધણું ?
એનાં ગુણને સદા મારી ભાષા ભજો !
કુણાં કાળજાની કોરે એનું આસન થજો ! ... એવા.

એણે સાચી સહાય છે મુજને કરી,
શીળી છાંયડી રણનાં પ્રવાસે ધરી;
એની કૃપા પામી મન મારું શાંતિ સજો !
કુણાં કાળજાની કોરે એનું આસન થજો ! ... એવા.

કેવી પ્રેરણાની માળા એણે મુજને ધરી !
દોર્યો મુજને જનની જેમ જતને વળી;
એને કાજે હૈયું હેત એનું સઘળું તજો !
કુણાં કાળજાની કોરે એનું આસન થજો ! ... એવા.

ધરી દીધું બધું મેં તો એને હવે,
એના વિનાનું રુચે બીજું મને ના ભવે;
એના ઉરમાંય મારે માટે પ્રીતિ હજો !
કુણાં કાળજાની કોરે એનું આસન થજો ! ... એવા.

* * * * *

## ૧૦૨. કોને પોકારું ?

સાંઈનાથ તારા વિના કોને પોકારું ?
કોને પોકારું સ્તવું કોને કહે વારું ? ... સાંઈનાથ.

કોના દિલમાં દયાનો દરિયો ઉછળતો ?
પ્રેમનાં પિયૂષ કોના પ્રાણ સદા ફૂટતો ?
હૈયામાં કોને ધારું, કોને પોકારું ?... સાંઈનાથ.

કોણ છે સમર્થ વળી અન્ય અવનીમહીં ?
નિસ્વાર્થ સ્નેહ કરે અન્ય કો કૃપા નહીં;
ચરણે ધન કાં ના ઢાળું ? કોને પોકારું ?... સાંઈનાથ.

લીધો આધાર એક તારો મેં પ્રેમથી,
કરી દે કૃતાર્થ તારી અંતરની રે'મથી;
કીર્તન કરું છું તારું, કોને પોકારું ? ... સાંઈનાથ.

પ્રીતડી થયેલ હવે સ્વપ્ને ન તૂટે,
ભાવ તારા અંતરથી જોજે ના ખૂટે ;
હેત મારું સઘળું હારું, કોને પોકારું ?... સાંઈનાથ.

પોકાર પ્રેમથકી સાંભળી લે મારા,
વરસી લે કૃપાકેરી કોટિકોટિ ધારા;
જીવન બને તો ન્યારું, કોને પોકારું ? ... સાંઈનાથ.

* * * * *

## ૧૦૩. હૃદયમાં પ્રેમ જાગે તો

હૃદયમાં પ્રેમ જાગે તો, બધુંયે કામ થાયે છે.
અડગ વિશ્વાસ જાગે તો, બધુંયે કામ થાયે છે. ... હૃદયમાં

કર્યો ઉપદેશ સંતોએ, વળી શાસ્ત્રે ઘણાં એવો,
સબૂરી, સ્નેહ, શ્રદ્ધાથી, બધીયે ભીતિ ભાગે છે. ... હૃદયમાં

બને બેચેન અંતર આ, લઇ લગની સદા સ્તવે,
સમર્પણ જો કરે તો, ના કૃપાની વાર લાગે છે. ... હૃદયમાં

ઝરે જો નેહનાં નિર્ઝર, ફકીરી ચિત્ત જો ધારે;
અખંડાનંદ શાંતિતણી સિતારી સરસ વાગે છે. ... હૃદયમાં

રડે તે હર્ષ પામે છે, લૂંટાયે તે લૂંટાવે છે;
દઇ દે દિલ દિવાના તે દિલથકી દિલ લગાવે છે. ...હૃદયમાં

સમર્પે તે જ પામે છે, તપે તે શાંત થાયે છે;
બને કુરબાન તે મૃત્યુતણો ભયશોક ત્યાગે છે. ... હૃદયમાં

કરો એ શબ્દને સાચા, મળે કે મૂકને વાચા;
હૃદય મારું ખરે સાંઈ, છલોછલ શુદ્ધ રાગે છે. ... હૃદયમાં

* * * * *

## ૧૦૪. શ્રી સાંઈ માનસપૂજા

બ્રહ્માંડના નાથ અનન્ય છે જે, પિતા વળી વિશ્વતણા મહા છે;
જેનાથકી ઉત્તમ છે નહીં કો', તે સિદ્ધ સાંઈ પ્રભુજી પ્રસન્ન હો !

કલ્યાણ કાજે નિજ ભક્તકેરા, કાયા ધરીને પ્રકટ્યા જગે જે,
લીલા કરી દિવ્ય અનંત એવી, હો સિદ્ધ સાંઈપ્રભુજી પ્રસન્ન તે !

દયાળુ, પ્રેમાળ, પ્રશાંત કેવા ! ચરાચરે વ્યાપક દેવ એવા;
સમર્થ સર્વેશ્વર છો તમે તો, શ્રી સિદ્ધ સાંઈપ્રભુજી પ્રસન્ન હો !

ભક્તોતણા કેવળ કલ્પવૃક્ષશા, જ્ઞાનીતણા અંતિમ ધ્યેયરૂપ જે,
ઉપાસ્ય યોગીજનના અનેરા, હો સિદ્ધ સાંઈપ્રભુજી પ્રસન્ન તે !

નમસ્કાર કરું નેહે તમને હું ફરી ફરી;
અર્ચના ભાવથી ભીની તમારી છું રહ્યો કરી.

સુમન અર્પણ શ્રીચરણે કરું, મધુર મંગલ માળ વળી ધરું;
હૃદયના મુજ નિર્મળ ભાવને, પ્રકટ એમ પ્રસન્નપણે કરું.

પરિમલેભર ધૂપ ધરું વળી, અનુભવું સુખ દીપકને કરી;
વિવિધ મંગલ દ્રવ્ય સમર્પતાં, પરમશાંતિ રહું હૃદયે ભરી.

નૈવેદ્ય નેહનાં અર્પું પ્રેમથી પ્રભુજી, હવે;
તમારા વિણ ના કોઈ મારું છે પ્રિય આ ભવે.

અનુરાગથકી આંજી આત્મા આરતિયે કરું,
તમારી જ કૃપા પામી તીક્ષ્ણશા તાપને તરું.

જનમ જ્યાં પણ પ્રાપ્ત મને થતો, મધુ નિવાસ વળી જગમાં બને,
પ્રણય ત્યાં ન મટે કદિ આપણો, મન રમે મધુરાં ચરણોકને.

સતત સ્નેહસુધા વરસાવજો, હૃદયની બસ એ મધુ ભાવના;
પરમ શીતળ છાંય મળ્યા કરો, સફળ હો સઘળીમુજ કામના.

કરી માનસપૂજા મેં તમારી ભાવથી ભરી,
સામાન્ય હો છતાં લેજો અસામાન્યસમી કરી.
પૂજાની વિધિ ના જાણું, વિદ્વત્તા ના મને વરી;
માહિતી નિયમોની ના, ગમ ના શાસ્ત્રની જરી.

સૃષ્ટિ આ સઘળી પૂજા અહોનિશ કર્યા કરે;
પૂજા મારી બની જાયે સંવાદી એમહીં ખરે.

આદિત્ય લાખો કિરણે તમારી અખંડશી આરતિને ઉતારે;
ને ચંદ્રતારા નિજ તેજ રેલી, નિહાળતાં સુંદરરરૂપ વારે.

સમુદ્ર ને સ્ત્રોત નદી તમારી, ગાથા અનેરી રસપૂર્ણ ગાયે;
સમીર પંખો કરતાં ચરાચરે, પ્રસન્નતાથી દિનરાત વાયે.

કરું અર્પણ મારીયે પૂજા, દેવ, પ્રસન્ન હો;
તમ ને મન સંસ્પર્શે તમારા રસમગ્ન હો.



* * * * *

## ૧૦૫. શ્રી સાંઈબાબા આરતી

સાંઈનાથ પ્રભુ, જય સાંઈનાથ પ્રભુ,
ચરાચરમહીં વ્યાપક, દેવ સમર્થ વિભુ ... હે સાંઈનાથ પ્રભુ !

શિરડીમાં પ્રકટીને લીલા કરનારા, પ્રભુ, લીલા કરનારા,
ભકતોના હિતકાજે સઘળે ફરનારા ... હે સાંઈનાથ પ્રભુ !

મંગલ કરતા સૌના, સૌનાયે સ્વામી, પ્રભુ, સૌનાયે સ્વામી,
પાલક શાંતિપ્રદાયક વંદન બહુનામી ... હે સાંઈનાથ પ્રભુ !

પૂર્ણકામ પ્રભુ પોતે પ્રકટ્યા જગ માટે, પ્રભુ, પ્રકટ્યા જગ માટે,
રક્ષા કરવા તત્પર વાટે ને ઘાટે ... હે સાંઈનાથ પ્રભુ !

દીનદયાળ પતિતપાવન સંકટ હરતા, પ્રભુ, સૌ સંકટ હરતા;
સિદ્ધિના પતિ સ્મરતાં વિલંબ ના કરતા ... હે સાંઈનાથ પ્રભુ !

પ્રેમ જગાવો દિલમાં પવિત્રતા સ્થાપો પ્રભુ પવિત્રતા સ્થાપો;
તમારો જ શિશુ સમજી સંકટ સૌ કાપો ... હે સાંઈનાથ પ્રભુ !

શરણ તમારું લીધું પ્રેમ કરી આજે, પ્રભુ પ્રેમ કરી આજે ;
જોજો બાલ તમારો લોકમહીં લાજે ... હે સાંઈનાથ પ્રભુ !

વંદન કોટિ તમોને કૃપાનિધાન કરું, પ્રભુ કૃપાનિધાન કરું ;
'પાગલ' કૃપા કરી દો, દુસ્તર સિંધુ તરું ... હે સાંઈનાથ પ્રભુ !


અનેકને તાર્યા છે તારો તેમ મને, પ્રભુ, તારો તેમ મને ;
મહિમા સાચો માનું, પાર કરો મુજને ... હે સાંઈનાથ પ્રભુ !

પૂજાવિધિ ના જાણું જાણું ભક્તિ નહિ, પ્રભુ, જાણું ભક્તિ નહિ ;
નિષ્ઠા ને શ્રધ્ધાની સમજું જુક્તિ નહિ ... હે સાંઈનાથ પ્રભુ !

દીન છતાંયે સ્વામી ભજતો ભાવ કરી, પ્રભુ ભજતો ભાવ કરી ;
જોજો કદી વિસારો માયા લેશ કરી ... હે સાંઈનાથ પ્રભુ !

* * * * *

## શ્રી યોગેશ્વરજી - એક પરિચય



**(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * * * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

* * * * *

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**